**આજનો સુવિચાર**

મનની શાંતિ અનુકુળ પરિસ્થિતિ દ્વારા નહિ પરંતુ આંતરીક પરિવર્તન દ્વારા પ્રાપ્ત કરવી જોઈએ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૮૬ જૂનાગઢ તા.૨૯-૩-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

# કર્ણાટક વિધાનસભાની ચૂંટણી તારીખો જાહેર : મતદાન ૧૦ મે : મતગણતરી ૧૩ મે

## રાહુલ ગાંધીનાં મત વિસ્તાર કેરળનાં વાયનાડમાં હાલમાં ચૂંટણી નહી યોજાય - ચુકાદાને પડકારવા અદાલતે ૩૦ દિવસનો સમય આપ્યો છે : ચૂંટણીપંચ


નવી દિલ્હી / બેંગ્લુરૂ તા. ૨૯

છેલ્લા એક મહિનાથી જેના સંકેતો મળી રહયા હતા તેની આખરે જાહેરાત થઈ ગઈ છે. ચૂંટણી પંચે આજે પ્રેસ કોન્ફરન્સ બોલાવીને કર્ણાટક વિધાનસભાની ચૂંટણી તારીખોની જાહેરાત કરી દીધી છે. ચૂંટણીપંચે કરેલી જાહેરાત મુજબ કર્ણાટક વિધાનસભાની ચૂંટણી તા. ૧૦ મે નાં રોજ એકજ તબક્કામાં યોજાશે. જયારે મતગણતરી તા. ૧૩મેનાં રોજ થશે.

ચૂંટણી તારીખો જાહેર થવાની સાથે જ કર્ણાટકમાં આજથી આચારસંહિતા લાગુ પડી ગઈ છે. કર્ણાટક વિધાનસભામાં આ વખતે પણ ત્રીપાંખીયો જંગ નિશ્ચિત છે જેમાં ભાજપ, કોંગ્રેસ અને જેડીએસ વચ્ચે ચૂંટણીજંગ ખેલાશે. કર્ણાટક વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં અનેક મોટા મુદાઓ છે જેમાં સાંપ્રદાયિક તંગદીલી, મહારાષ્ટ્ર સાથેનો સીમા વિવાદ તેમજ અનામતનાં મુદા મુખ્ય છે.

કર્ણાટકનાં મતદારોનું ચિત્ર જોઈએ તો દલિત ૨૦ ટકા, ઓબીસી ૧૬ ટકા, લિંગાયત ૧૪ ટકા, વોકાલીગા ૧૧ ટકા, મુસ્લીમ ૧૩ ટકા અને કુરૂબા જાતિનાં ૭ ટકા મતો મુખ્ય છે. ગત ૨૦૧૮માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૨૨૪ બેઠકોમાંથી ભાજપને ૧૧૭, કોંગ્રેસ ૬૯, જેડીએસ-૩૨ અને અન્યને ફાળે ૬ બેઠકો ગઈ હતી. આ વખતે મતદારો કોના તરફ મતદાન કરશે તે અંગે રાજકીય નિષ્ણાંતોએ લેખા જોખા શરૂ કરી દીધી છે.

દરમ્યાન અન્ય એક ઘટનાક્રમમાં ચૂંટણીપંચે જણાવ્યું હતું કે, કેરળની વાયનાડ લોકસભા બેઠકની પેટાચૂંટણી હાલમાં યોજાશે નાહી, રાહુલ ગાંધીનો ચુકાદાને પડકારવા માટે અદાલતે ૩૦ દિવસનો સમય આપ્યો છે તેથી હાલમાં વાયનાડ લોકસભા બેઠકની પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી નથી તેમ મુખ્ય ચૂંટણી કમિશ્નરે જણાવ્યું હતું.



# ૧ એપ્રિલથી યુપીઆઈ ટ્રાન્ઝેકશન, સિગરેટ, તમાકુ, જવેલરી મોંઘા થશે

નવી દિલ્હી, તા. ૨૯ : બે દિવસ પછી એટલે કે ૧ એપ્રિલ, ૨૦૨૩થી નવું નાણાકીય વર્ષ શરૂ થવા જઈ રહ્યું છે.નવા નાણાંકીય વર્ષનાં પ્રારંભ સાથે UPI ટ્રાન્ઝેક્શન પણ મોંઘું થવા જઈ રહ્યું છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાએ યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ ચૂકવણીઓ અંગે એક પરિપત્ર બહાર પાડ્યો છે, જેમાં ૧એપ્રિલથી UPI દ્વારા કરવામાં આવેલી વેપારી ચુકવણીઓ પર PPI ચાર્જ વસૂલવાની ભલામણ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૩-૨૪ માટે એક ફેબ્રુઆરીએ રજૂ સામાન્ય બજેટમાં કેન્દ્ર સરકારે અનેક ઉત્પાદો પર કસ્ટમ-ઈમ્પોર્ટ ડ્યુટીને વધારી દેવામાં આવી છે. સાથે જ અમુક સામાનો માટે તેને ઘટાડી દેવામાં આવી હતી. તેની સીધી અસર તેની કિંમતો પર ૧ એપ્રિલ ૨૦૨૩ થી પડશે. કેન્દ્ર સરકારે ઘરેલુ ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન આપવા માટે પ્રાઈવેટ એરક્રાફટ, હેલિકોપ્ટર, હાઈ-એન્ડ ઈલેક્ટ્રોનિક્સ, જવેલરી, હાઈ-ગ્લોસ પેપર અને વિટામિનની દવાઓ પરની ઈમ્પોર્ટ ડ્યુટીને વધારી દેવામાં આવી છે. જેનાથી આવતા મહિને તેના ભાવ વધી શકે છે. નવા નાણાંકીય વર્ષમાં ઈલેકટ્રીકચીમની, ગોલ્ડ-પ્લેટિનમની કિંમતો વધારી દેવામાં આવશે.

## અફઘાનિસ્તાનમાં ૪.૩ની તિવ્રતાનો ભુકંપ

નવીદિલ્હી, તા. ૨૯: આજે વહેલી સવારે અફઘાનિસ્તાનમાં રિક્ટર સ્કેલ પર ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, સવારે ૫:૪૯ વાગ્યે આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર દેશમાં કાબુલથી ૮૫ કિમી દૂર હતું. ભૂતકાળમાં હતો. ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ નથી.

# છેલ્લા ૯ માસમાં સરકારી બેંકોએ રૂા. ૯૧૦૦૦ કરોડ માંડવાળ કર્યા

નવી દિલ્હી તા. ૨૯

દેશમાં રાષ્ટ્રીયકૃત બેંકોના વધતા જતા એનપીએ સાથે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ માસમાં જ બેંકોએ રૂા.૯૧૦૦૦ કરોડના લેણા માંડવાળ કર્યા છે. રાજયસભામાં એક પ્રશ્નના જવાબમાં સરકારે રજૂ કરેલા ડેટા મુજબ બેંકોના રૂા.૫ ના લેણા સામે રૂા.૧નીજ સરેરાશ વસુલાત શકય છે. ૨૦૧૭-૧૮માં રીકવરી ૮ ટકા રહી હતી જે ૨૦૨૨ના નાણાકીય વર્ષમાં ૨૧ ટકા રહી છે. નાણામંત્રી નિર્મલા સીતારામને એક લેખીત જવાબમાં જણાવ્યું કે બાકી લેણા માંડવાળ કરવામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા સૌથી મોખરે છે.

જેણે ૯ માસમાં રૂા.૧૭૫૩૬ કરોડ યુનિયન બેંક ઓફ ઈન્ડીયામાં રૂા.૧૬૪૯૭ કરોડ બેંક ઓફ બરોડાએ રૂા.૧૩૦૩૨ કરોડ માંડવાળ કર્યા છે.

તમામ રાષ્ટ્રીયકૃત બેંકો ઉપરાંત ખાનગી બેંકો અને વિદેશી બેંકો જેણે ભારતમાં ધિરાણ કર્યુ છે. તેમાં નાણાકીય વર્ષ ૨૦૧૮માં કુલ રૂા.૧.૬૧ લાખ કરોડ માંડવાળ કર્યા છે અને તેની સામે અત્યાર સુધીમાં રૂા.૧૩૦૦૦ કરોડની વસુલાત કરી છે અને આ પાંચ વર્ષમાં કુલ ૧૦ લાખ કરોડની રકમ માંડવાળ કરવામાં આવી છે.

# મોદી સરકાર દ્વારા આયુષ્માન ભારત ૨.૦ લાવવા તૈયારી : ૪૦ કરોડ લોકોનો વિનામૂલ્યે ઈલાજ થશે

નવી દિલ્હી તા. ૨૯ : મોદી સરકાર ચૂંટણી પહેલા મધ્યમ વર્ગના લોકો માટે નવી ભેટ લાવી રહી છે. આયુષ્માન ભારત યોજના, જે અત્યાર સુધી માત્ર ગરીબી રેખાથી નીચેના લોકો માટે આરોગ્યને આવરી લે છે, તેમાં હવે મધ્યમ વર્ગના લોકોને પણ શામેલ કરવામાં આવશે. સરકાર આ માટે આયુષ્માન ભારત ૨.૦ વર્ઝન તૈયાર કરી રહી છે. તેનાથી ભારતના ૪૦ કરોડ લોકોને રાહત મળશે.

આયુષ્માન ભારત યોજનાની તર્જ પર નવી યોજનાના અમલમાં સામેલ ખર્ચ અને પડકારોને ધ્યાનમાં રાખીને હાલમાં વિવિધ વિકલ્પોની તપાસ કરવામાં આવી રહી છે. જો આમ થશે તો આવકવેરામાં રાહત આપ્યા બાદ મધ્યમ વર્ગ માટે સરકાર તરફથી આ વધુ એક ભેટ સાબિત થઈ શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સરકારના આ નવા આયુષ્માન ભારત ૨.૦ વર્ઝનમાં પહેલાની જેમ પાંચ લાખ રૂપિયાનું કવરેજ આપવાની વાત છે. આ ઉપરાંત વ્યકતિગત ટોપ-અપના આધારે પણ તેને લાવવા માટે વાતચીત ચાલી રહી છે.

બીજી તરફ, અન્ય વિકલ્પ તરીકે, આરોગ્ય વીમા કંપનીને આ યોજનામાં સામેલ કરી શકાય છે, જેમાં તેમને પોસાય તેવા ખર્ચે મૂળભૂત તબીબી કવરેજ આપવાનું કહેવામાં આવશે.

# મેક્સિકોનાં ડીટેન્શન સેન્ટરમાં આગ લાગતા ૩૯ લોકો જીવતા સળગ્યા : અનેકનાં મોત

ન્યુયોર્ક,તા. ૨૯ : અમેરિકાના પડોશી દેશ મેકસિકોમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં, ટેક્સાસના અલ પાસો નજીક આવેલા સ્થળાંતર અટકાયત કેન્દ્રમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ૩૯ લોકો દાઝી ગયા હતા. પરપ્રાંતીયોને અહીં કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. આગના કારણે પરિસરમાં હોબાળો મચી ગયો હતો. થોડા જ સમયમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે.

મેકસિકોથી યુ.એસ.માં છૂપાયેલા લોકોને સામાન્ય રીતે સરહદ નજીકના ઈમિગ્રેશન અટકાયત કેન્દ્રોમાં રાખવામાં આવે છે.

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

ખુશ ખબર......ખુશ ખબર......ખુશ ખબર......

**હકીમ સાબ (નાળી વૈધ)**

તમામ રોગોના આયુર્વેદીક ઈલાજ

UP TO 20% OFF

Himalaya ZANDU Hamdard VIRGO Pharma Pvt

**ગુજરાત આયુર્વેદીક**

મો. ૯૫૮૯૨ ૫૦૮૯૬

Since 1983

**શંખ મસાલા**

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



**દુકાન વેચવાની છે ઈન્દ્રલોક આર્કેડમાં**

શોપ નં. U1/2,
કાર્પેટ : ૩૭૪ સ્કે. ફૂટ
તળાવ દરવાજા પાસે,
વી-માર્ટ જૂનાગઢ
**+91 95865 41555**

**ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ**

અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન

સિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ

By Air
27000 Day-6
35000 Day-9

કેરાલા-મુન્નાર-થેકડી
ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ
35000 Day-8

નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર
કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી
GOA 3 Night Resort

બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા

શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ રાજકોટ અને
શ્રી હાટકેશ હોસ્પિટલ જુનાગઢ દ્વારા
જુનાગઢ શહેરમાં શરૂ થતું

**માં સ્વામી ડાયાલીસીસ સેન્ટર**

તા. ૩૦-૦૩-૨૦૨૩, ગુરૂવાર રામનવમીના શુભ દિવસે
આ સેન્ટરનું શુભ મુર્હુત થઈ રહ્યુ હોય

સમગ્ર વિસ્તારના દરેક ડાયાલીસીસ કરાવતા
દર્દીઓને જાણ કરવામાં આવે છે કે,

તા.૩૦-૦૩-૨૦૨૩ અને તા.૩૧-૦૩-૨૦૨૩ના રોજ (બે દિવસ માટે)

**ડાયાલીસીસ વિના મુલ્યે કરી આપવામાં આવશે**



:: સ્થળ ::
**શ્રી હાટકેશ હોસ્પિટલ જુનાગઢ**
કોલેજ રોડ, ભૂતનાથ મંદિર પાસે, જુનાગઢ.
ફોનઃ ૦૨૮૫ ૨૬૫૩૬૫૨

સરકારશ્રીની આયુષ્માન ભારત યોજના હેઠળ કાર્ડ ધારકો માટે
ડાયાલીસીસની સેવાઓ હોસ્પિટલમાં ફ્રી કરી આપવામાં આવશે.

### મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિકોના આર્થિક વિકાસ માટે દૈનિક વેતનના વધારાને અને

# પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચુકવાતા બીજા હપ્તાના ફેરફારને આવકારતા ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ

### મનરેગા યોજના અંતર્ગત રાજ્યના શ્રમિકોના દૈનિક વેતનદરમાં વધારો કરાયો: નવો દૈનિક વેતન દર રૂ. ૨૫૬ : વર્ષ ૨૦૨૨-૨૩માં મનરેગા અંતર્ગત ૧૦.૧૮ લાખ કુટુંબોએ ૪૫૮.૯૨ લાખ માનવદિનની રોજગારી મેળવી : વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧,૪૪,૩૮૨ આવાસો મંજૂર

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૯

ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું કે, શ્રમિકોનો આર્થિક વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મંત્રીએ મનરેગા સંદર્ભે માહિતી આપતાં ઉમેર્યું કે, ગ્રામ્યકક્ષાએ શ્રમિકોને વધુ વેતન મળે અને તેઓના જીવન ધોરણમાં સુધારો આવે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા દરેક નાણાકીય વર્ષની શરૂઆતમાં શ્રમિકોના વેતનદરમાં વધારો કરવામાં આવે છે. મનરેગા યોજના હેઠળ ગ્રામ કક્ષાએ બિનકુશળ શ્રમિકોને ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ગુજરાત માટે દૈનિક વેતન દર રૂ.૨૩૯/- થી વધારીને રૂ.૨૫૬/- કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦.૧૮ લાખ કુટુંબોએ ૪૫૮.૯૨ લાખ માનવદિનની રોજગારી મેળવી છે. મંત્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના સંદર્ભે જણાવતાં કહ્યું કે, કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રાજયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ- ૨૦૨૨-૨૩ અંતર્ગત ૧,૪૪,૩૮૨ આવાસો મંજૂર કરાયા છે.

મંત્રીએ વધુ વિગતો આપતા કહ્યું કે, વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં કુલ ૪,૦૨,૮૨૪ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. મંત્રી પટેલે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં રૂ.૧ લાખ ૨૦ હજાર ની સહાય આપવામાં આવે છે. જેમાં પ્રથમ હપ્તો મંજૂરીના સમયે આપવામાં આવે છે. ત્યારબાદ મકાનના પાયા, પ્લીન્થ, લીંટલ, છત અને પૂર્ણતાના આધારે બીજો હપ્તો અને ત્રીજો હપ્તો ચુકવવામાં આવતો હોય છે. હાલમાં પ્રથમ હપ્તા તરીકે ૩૦ હજાર આવાસ મંજૂર થયેથી, બીજા હપ્તા તરીકે ૫૦ હજાર પ્લીન્થ લેવલ સુધી બાંધકામ થયેથી, ત્રીજો અને આખરી હપ્તો રૂ.૪૦ હજાર આવાસ પૂર્ણ થયેથી ચુકવવામાં આવે છે. મંત્રીએ વધુમાં માહિતી આપતા કહ્યું કે, બાકી રહેલ તમામ આવાસો સમય મયાદામાં પૂર્ણ થાય અને જરૂરી ખર્ચ પણ ઝડપથી થાય જેથી કરીને બીજા અને ત્રીજા હપ્તાની રકમમાં ફેરફાર કરી બીજો હપ્તો રૂ.૮૦ હજાર પ્લીન્થ લેવલ સુધી બાંધકામ થયેથી અને ત્રીજો અને આખરી હપ્તો રૂ.૧૦ હજાર આવાસ પૂર્ણ થયેથી ચુકવવા અંગે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરતા તેમણે ગુજરાતની રજૂઆતને ગ્રાહ્ય રાખી છે. જેથી આવાસની મંજૂરી સમયે પ્રથમ હપ્તો ૩૦ હજાર, બીજો હપ્તો રૂ.૮૦ હજાર પ્લીન્થ લેવલ સુધી બાંધકામ થયેથી અને ત્રીજો અને આખરી હપ્તો રૂ.૧૦ હજાર આવાસ પૂર્ણ થયેથી ચુકવવામાં આવશે તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.

# રાજ્યમાં આગામી ત્રણ માસમાં વધુ ૧૨૭ ફરતાં પશુ દવાખાના કાર્યરત કરાશે : પશુપાલન મંત્રી રાઘવજી પટેલ



**કેન્દ્રીય સહાયથી ફરતાં પશુ દવાખાના ગુજરાતમાં કાર્યરત કરવા માટે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે એમ.ઓ.એ. કરાયા : આગામી પાંચ વર્ષમાં વધુ ૧,૦૦૦ ફરતા પશુ દવાખાના દ્વારા ૧૦,૦૦૦થી વધુ ગામોને આવરી લેવાની નેમ : નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં નવા ૪૬૦ મોબાઈલ પશુ દવાખાના માટે રૂ.૮૧ કરોડની જોગવાઈ**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા પણ દેશમાં ફરતાં પશુ દવાખાનાની સેવાઓનો વ્યાપ વધારવા માટે, નવીન યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં ગુજરાત રાજયમાં બે તબક્કામાં કુલ ૨૪૮ ફરતાં પશુ દવાખાનાં (Mobile Vªereinary Unit) કાર્યરત કરવાનું આયોજન છે. જે પૈકી પ્રથમ તબકામાં ૧૨૭ ફરતાં પશુ દવાખાના (Mobile Vªereinary Unit) માટે કેપિટલ ખર્ચ પેટે કુલ રૂ.૮.૮૯ કરોડની ૧૦૦% કેન્દ્રની સહાય ઉપલબ્ધ થયેલ છે. આ ૧૨૭ ફરતાં પશુ દવાખાનાઓ માટે ઓપરેશનલ ખર્ચ પેટે કેન્દ્ર સરકાર ૬૦ % સહાય કરશે તેમજ ૪૦ % ખર્ચ રાજય સરકાર ભોગવશે. આ ૧૨૭ ફરતાં પશુ દવાખાનાની સેવાઓ આગામી ત્રણ માસમાં પી.પી.પી. ધોરણે કાર્યરત કરવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે, તેમ પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું. કેન્દ્રીય સહાયથી ૧૨૭ ફરતાં પશુ દવાખાના ગુજરાતમાં કાર્યરત કરવા માટે કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે પશુપાલન નિયામક અને જીવીકે ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસિસ વચ્ચે એમ.ઓ.એ.કરવામાં આવ્યા હતા. મંત્રી પટેલે કહ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારમાં કોઈપણ પશુપાલકનું પશુ સારવાર વિહોણું ન રહે તેવા ઉમદા આશયથી અમલમાં મુકાયેલ મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુસારવાર યોજના અંતર્ગત રાજયમાં ૧૮૩૨ પશુ સારવાર સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે પશુઓને સારવાર આપવા માટે કુલ રૂ.૨૮ કરોડની જોગવાઈ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં કરવામાં આવી છે. દેશમાં પશુ સારવાર માટે કાર્યક્ષમ નવીન પહેલ તરીકે ગુજરાતમાં શરૂ કરાયેલ "દસ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું" યોજના હેઠળ ૪૬૦ મોબાઈલ પશુ દવાખાનાથી રાજ્યના ૫,૩૦૦ થી વધુ ગામોમાં રૂટ અને ઓન કોલ પશુ સારવાર સેવાઓ પુરી પાડવા રૂ.૮૧ કરોડની જોગવાઈ વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટમાં કરવામાં આવી છે. આગામી પાંચ વર્ષમાં રાજ્યના તમામ ગામોમાં ઘરે બેઠા નિઃશુલ્ક પશુ સારવાર ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે તેમ તેમણે ઉમેર્યુ હતું. મંત્રીએ વધુમાં કહ્યું હતું કે રાજયમાં ફરતાં પશુ દવાખાનાની સેવાનો વિસ્તાર કરી આગામી પાંચ વર્ષમાં વધુ ૧,૦૦૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવાની રાજ્ય સરકારની નેમ છે, જેમાં બીજા ૧૦,૦૦૦થી વધુ ગામોને આવરી લેવામાં આવશે. જેમાં પ્રથમ વર્ષે ૨૫૦ ફરતા પશુ દવાખાના માટે કુલ રૂ.૩૫.૨૫ કરોડ જેટલી માતબર રકમ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં ફાળવવામાં આવી છે. આ કાર્યક્રમમાં રાજ્યના પશુપાલન સચિવ કૌશિક ભીમજીયાણી તેમજ પશુપાલન નિયામક ડો.ફાલ્ગુનીબેન ઠાકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# નિરાધાર-ગરીબ પરિવારના બાળકોના ઉત્કર્ષ માટે સંવેદના સાથે મદદરૂપ બનવા અંગે વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી માર્ગદર્શન પૂરૂ પાડતા મુખ્ય સચિવ રાજ કુમાર

### કલેકટર અરૂણ મહેશ બાબુએ ૭૭ જેટલા બાળકો અને તેમના પરિવારજનોને સહાય અંગેની કામગીરીની માહિતી પુરી પાડી : ગરીબ પરિવારજનોના પુનઃવસન અને યોજનાકીય લાભો દ્વારા તેમના બાળકોને શિક્ષણ મળે તે માટે કામગીરી કરવા અનુરોધ કરતા મુખ્ય સચિવ



(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૨૯

નિરાધાર શેરી બાળકો તેમજ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોના પરિવારજનોના પુનઃવસન અને વિવિધ યોજનાકીય લાભો આપી તેમના ઉત્કર્ષ માટે સંવેદનશીલ સરકાર દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીની સમીક્ષા અને માર્ગદર્શન અર્થે મુખ્ય સચિવ રાજ કુમારના અધ્યક્ષસ્થાને વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રાજ્યભરના કલેકટરશ્રીઓ દ્વારા તેમના જિલ્લામાં કરવામાં આવેલી કામગીરીની વિગત પુરી પડાઈ હતી. મુખ્ય સચિવએ નિરાધાર બાળકો તેમજ ગરીબ પરિવારના બાળકોના ઉત્કર્ષ માટે કેવા-કેવા પગલાંઓ લેવા જોઈએ તે અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, ગરીબ પરિવારને આવાસ, રાસન, આરોગ્ય, રોજગારી અર્થે મદદરૂપ બની તેઓના બાળકો શિક્ષણનો અધિકાર ભોગવે તે પ્રકારે માનવીય અભિગમ અપનાવી સંવેદના સાથે મદદરૂપ બનવા જણાવ્યું હતું. સચિવએ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ ઉપરાંત તેમના પરિવારજનોને રેશનકાર્ડ, આધાર કાર્ડ, શ્રમિક કાર્ડ, આપી તેઓને અન્ય મળવા પાત્ર લાભો અપાવવા જરૂરી કામગીરી કરવા સૂચન કર્યું હતું. આ સાથે સામાજિક સંસ્થાઓના સહયોગથી નિરાધાર બાળકોને દત્તક લેવડાવી પાલક વાલી મળી રહે તે દિશામાં કામગીરી કરવા પણ ખાસ સૂચન કર્યું હતું. આ તકે રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ સમાજ સુરક્ષા વિભાગના સહયોગથી નિરાધાર તેમજ જરૂરિયાતમંદ ૭૭ જેટલા બાળકોને અને તેમના પરિવારજનોને પુરી પાડવામાં આવેલી સહાય અંગે માહિતી રજુ કરી હતી. આ બાળકોને મળવા પાત્ર આર્થિક સહાય તેમજ શાળામાં દાખલો, અન્ન બ્રહ્મ યોજના, રેશન કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ સહિતની સહાયની વિગતો પુરી પાડી હતી. મુખ્ય સચિવ દ્વારા જરૂરિયાતમંદ બાળકોના પરિવારજનોના પુનઃવસન ઉપર ભાર મૂકી તેઓ આર્થિક રીતે મજબૂત બને અને તેમના બાળકો શિક્ષિત બને તે દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી હોવાનું આ તકે જણાવ્યું હતું. કલેકટર કચેરી ખાતે સમાજ સુરક્ષા વિભાગના પ્રાર્થનાબેન સેરસીયા જોડાયા હતાં.

# IPL ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ કલાકારો ધૂમ મચાવશે

નવી દિલ્હી, તા.૨૯

ઈન્ડિયન ક્રિકેટ લીગ એટલે કે IPL સિઝન ૧૬ થોડા દિવસો પછી શરૂ થવા જઈ રહી છે. IPL ૨૦૨૩ની પ્રથમ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમો આમને-સામને થશે. તે જ સમયે IPL ૧૬ના ઉદ્‌ઘાટન સમારોહને ભવ્ય બનાવવા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તરફ વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ દરમ્યાન હવે સમાચાર આવી રહ્યા છે કે IPL ૨૦૨૩ની ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડની ઘણી હસ્તીઓ પરફોર્મ કરવા જઈ રહી છે. IPLની ઓપનિંગ મેચ પહેલા દર વખતે બોલિવૂડ ફિલ્મ સ્ટાર્સ સ્ટેજ ઉપર પોતાના ડાન્સ પરફોર્મન્સથી બધાને મંત્રમુગ્ધ કરી રહ્યાં છે. આવી સ્થિતિમાં આ વખતે આ સેલેબ્સ IPL ૧૬ની ઓપનિંગ સેરેમનીમાં કેવી રીતે પાછળ રહી શકે? બોલિવૂડ સુપરસ્ટાર કેટરિના કૈફ, ટાઈગર શ્રોફ, સિંગર અરિજિત સિંહ ટૂર્નામેન્ટની ઓપનિંગ સેરેમનીમાં રંગ જમાવશે. આ સિવાય સાઉથ સિનેમાની સુપરસ્ટાર રશ્મિકા મંદાના અને તમન્ના ભાટિયા પણ તેમને ખૂબ જ સારી રીતે સપોર્ટ કરશે. આ સમાચાર પછી ચાહકોની ઉત્તેજના ઘણી વધી ગઈ છે અને દરેક લોકો IPL ૧૬ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# ધોરણ ૧૨ સાયન્સના પુસ્તકોમાં સિલેબસ ૩૦ ટકા ઘટ્યો

અમદાવાદ, તા.૨૯ : ધોરણ ૧૨ સાયન્સના કેટલાક વિષયોમાં સિલેબસમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ખાસ કરીને એનસીઈઆરટી દ્વારા પ્રકાશિત ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથ્સના પુસ્તકમાં કોર્સમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ત્યારે સિલેબસમાં કરવામાં આવેલા આ ઘટાડાથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર શું અસર થશે તે જાણવું જરુરી છે. કારણ કે, ધોરણ ૧૨ સાયન્સએ મેડિકલ અને એન્જિનિયરીંગ ક્ષેત્રે કારકિર્દિ બનાવવા માટે મુખ્ય માર્ગ ગણવામાં આવે છે. ત્યારે ત્રણ મહત્વના વિષયોના દુર કરવામાં આવેલા કેટલાક ટોપિક વિદ્યાર્થીઓને ફાયદો કરાવશે કે નુકસાન તે પણ મહત્વનુ બની જાય છે. એનસીઈઆરટી દ્વારા વર્ષ ૨૦૨૩માં જે પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યા છે તેમાં ધોરણ ૧૨ સાયન્સમાં કેટલાક ટોપિકને રિડ્યુસ કરી દેવામાં આવ્યા છે. આ વર્ષે ઓરિજનલ સિલેબસ છે તે જ પ્રમાણે નીટ, જેઈઈ અને ગુજસેટની એક્ઝામ લેવાશે.

# વેરાવળના ભીડીયા વિસ્તારમાં એક જ પરીવારના બે બાળકોના ગણતરીના કલાકોમાં રહસ્યમય મૃત્યું નિપજતા અરેરાટી પ્રસરી

### મૃત બાળકોની માતા અને પાંચ વર્ષીય બહેનની પણ બપોરે તબીયત લથડતા ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડાયા : રહસ્યમય ઘટનાને લઈ મૃત્યુંનું કારણ જાણવા પોલીસે તપાસનો ઘમધમાટ હાથ ધર્યો

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૨૯

વેરાવળના ભીડીયા વિસ્તારમાં રહેતા શ્રમિક માછીમાર પરીવારના ચાર મહિના અને અઢી વર્ષાના બે માસુમ બાળકોના ગઈકાલે સવારે ગણતરીના કલાકોમાં જ રહસ્યમય મૃત્યું નિપજ્યાની ઘટના બનતા અરેરાટી વ્યાપી ગઈ હતી. જો કે, બપોર બાદ મૃતક બાળકોની માતા અને પાંચ વર્ષીય બહેનની તબીયત લથડતા ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પીટલએ પહોંચ્યા હતા. હાલ મૃતક ચાર મહિનાના બાળકના મૃતદેહને ફોરેન્સીક પીએમ અર્થે જામનગર મોકલવા તજવીજ હાથ ધરી છે. આ ઘટનાને લઈ ઘૂંટાતા રહસ્ય વચ્ચે જાણ થતાં જ દોડતી થયેલ પોલીસે બાળકોના મૃત્યુંનું કારણ જાણવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વેરાવળના ભીડીયા વિસ્તારમાં બનેલી ઘટના અંગે પ્રાપ્ત વિગત મુજબ શ્રમિક માછીમાર નિલેશભાઈ ડાલકી તેમના ત્રણ સંતાનો અને પત્ની સાથે ભીડીયામાં રહે છે અને મજૂરી કામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારે તેમની અઢી વર્ષીય દિકરી ત્રીજા ડાલકીનું અચાનક મૃત્યું થયું હતું. જેથી તેની દફનવિધિ કરી હતી. ત્યારબાદ ગણતરીના કલાકોમાં જ તેમના ચાર મહિનાના પુત્ર પીનાકની તબીયત લથડી જતા પરીવારજનો ખાનગી હોસ્પીટલએ લઈ ગયેલ જ્યાં ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ અંગે જાણ કરાતા પોલીસે હોસ્પીટલએ દોડી આવી તપાસ શરૂ કરી હતી. ત્યારે જ બંને મૃત બાળકોની માતા અરૂણાબેન નિલેશભાઈ ડાલકી (ઉ.વ.૨૮) અને પુત્રી શ્રધ્ધા ડાલકી (ઉ.વ.૫)ની તબીયત ગંભીર બનતા સારવાર અર્થે હોસ્પીટલએ ખસેડવામાં આવેલ હતા. જ્યાં હાલ માતા-પુત્રીની હાલત ગંભીર હોવાથી સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. આ ઘટના અંગે પોલીસે તપાસનો ઘમધમાટ આદરેલ છે. ગણતરીના કલાકોમાં એક જ પરીવારના બે માસુમ બાળકોના મૃત્યું અને માતા-પુત્રી ગંભીર રીતે બીમાર પડ્યાની ઘટનામાં ઘૂંટાતા રહસ્યનું કારણ જાણવા માટે ચાર મહિનાના મૃત બાળકના મૃતદેહનું ફોરેન્સીક પીએમ કરાવવા અર્થે જામનગર મોકલવામાં આવેલ હોવાનું પીઆઈ મકવાણાએ જણાવેલ છે. આ ઘટનાની વિશેષ તપાસ ચાલુ હોય પીએમ રીપોર્ટ આવ્યા બાદ કારણ જાણવા મળશે તેવું જણાવ્યું હતું. આ ઘટનાને પગલે ભીડીયા સહિત આસપાસના વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# કેશોદના અખોદર ગામે મહિલા સત્સંગ કાર્યક્રમ યોજાયો

(ગોવિંદ હડિયા દ્વારા)
કેશોદ તા.૨૯



કેશોદ તાલુકાના અખોદર ગામે ગૌશાળાના પટાંગણમાં મહાકાળી માતાજીનું મંદિર આવેલ છે. જ્યાં અખોદર અને નાની ઘંસારી ગામના મહીલા સત્સંગ મંડળ દ્વારા ભક્તિ ભાવ સાથે સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલા સત્સંગ મંડળ દ્વારા કરતાલ સાથે ભક્તિ ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારે મહાકાળી માતાજીના મંદિરના સાનિધ્યમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. મહીલા સત્સંગ મંડળ દ્વારા ભક્તિ ભાવની ભાવના સાથે નિઃસ્વાર્થ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આખોદર અને નાની ઘંસારી મહિલા સત્સંગ મંડળ દ્વારા બે કલાક સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અખોદર અને નાની ઘંસારી ગામનાં સત્સંગ મંડળ મહીલાઓ ઉપસ્થિત રહ્યા હતાં. ભક્તિ ભાવ સાથે ભક્તિ ગીતો ગાયાં હતાં.

# ખંભાળિયામાં ભગવાન શ્રીરામના જન્મોત્સવની થશે ભવ્ય ઉજવણી : શોભાયાત્રા સહિતના આયોજનો



(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૯

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવની આવતીકાલે ગુરૂવારે ખંભાળિયા સહિત સમગ્ર દેવભૂમિ પંથકમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ભગવાન શ્રીરામના જન્મોત્સવ નિમિત્તે આવતીકાલે ગુરૂવારે ખંભાળિયામાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના ઉપક્રમે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા ખંભાળિયામાં નગર ગેઈટ પાસે આવેલા શ્રી રામ મંદિર ખાતેથી શરૂ થશે. જે મોરલી મંદિર, રંગમહોલ સ્કૂલ, વિજય ચોક, કલ્યાણરાયજી મંદિર, મેઈન બજાર, ગાંધી ચોક, રાજડા રોડ, જોધપુર ગેઈટ, શારદા સિનેમા રોડ થઈને પુનઃ રામ મંદિર ખાતે પૂર્ણ થશે. આ શોભાયાત્રાના માર્ગોને કમાનો, ઝંડી વિગેરે વડે સુશોભિત કરવામાં આવ્યા છે. જેને વિવિધ મંડળો દ્વારા આવકારવામાં આવશે. રામનવમી પ્રસંગે વિવિધ મંદિરોમાં પૂજન - અર્ચન સહિતના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. આ શોભાયાત્રામાં સહભાગી થવા સર્વે હિંદુ ભાઈઓ-બહેનોને વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લાના ઈ.વી.એમ.-વી.વી.પેટ વેર હાઉસનું આંતરિક નિરીક્ષણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૨૯

ભારતના ચૂંટણીપંચની સૂચના મુજબ, ઈ.વી.એમ.-વી.વી.પેટ વેરહાઉસની સ્થિતિનું દર ત્રણ માસે આંતરિક નિરીક્ષણ કરવાનું હોય છે.

જે મુજબ, રાજકોટ જિલ્લાના ઈ.વી.એમ. તથા વી.વી.પેટ.ના વેરહાઉસનું આંતરિક નિરીક્ષણ જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, અધિક કલેકટર એસ. જે. ખાચર, ભાજપ, બી.એસ.પી., સી.પી.આઈ. સહિતના રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, ચૂંટણી શાખાના મામલતદાર એમ. ડી. દવે, તાલુકા મામલતદાર કે. કે. કરમટા, નાયબ મામલતદાર ઘનશ્યામ ચૌહાણ, વિક્રમસિંહ ઝાલા, પોલીસ સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યો હતો.



ઘરવાળીની શકિતની દવા કરાવી,
તો મારી જ દવા થઈ ગઈ !

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# જૂનાગઢ જીલ્લામાં ૪૫૫ બાળકોને પાલક માતા-પિતા યોજના હેઠળ દર મહિને રૂા.૧૩.૬૫ લાખ ચુકવાય છે

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લામાં હાલ પાલક માતા પિતા આ યોજના હેઠળ માસીક રૂ.૩૦૦૦ મુજબ દર માસે રૂા. ૧૩.૬૫ લાખ સરકાર દ્વારા ચૂકવવામાં આવી રહી છે. જિલ્લા સમાજ સુરક્ષા જૂનાગઢની કચેરી દ્વારા જૂનાગઢ જિલ્લામાં સરકારની પાલક માતા-પિતા યોજના હેઠળ અનાથ અને જે બાળકના પિતા અવસાન પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા ૦ થી ૧૮ વર્ષના બાળકોને દર માસે રૂા.૩૦૦૦(ત્રણ હજાર)ની સહાય મળવાની યોજના અમલમાં છે જેમાં જૂનાગઢ જિલ્લામાં હાલ કુલ ૪૫૫ બાળકો આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે. જેથી પાલક માતા-પિતા યોજનામાં અનાથ અને જે બાળકના પિતા અવસાન પામેલ હોય અને ત્યારબાદ માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા ૦ થી ૧૮ વર્ષના બાળકો તેમના સગા સંબધી સાથે રહેતા હોય તેવા પાલક માતા-પિતાને આ યોજના લેવાનો લાભ મળવાપાત્ર થાય છે. જેથી આવા બાળકોને આ યોજનાનો લાભ મેળવવા માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, સરદારબાગ, બહુમાળી ભવન, બ્લોક નં.૨ જૂનાગઢ જિલ્લા બાળ સુરક્ષા એકમ, પંકજ બંગલો, પી.ડબ્લ્યુ.ડી. કવાર્ટર, રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ ફોન નં.૦૨૮૫-૨૯૬૦૨૦૨નો સંપર્ક કરવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.સી. મહિડાની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લામાં તાલુકા દીઠ એક-એક જ્ઞાન સેતુ ડે સ્કુલ શરૂ થશે

## ધો.૬ થી ૧૨ સુધીનું ઉચ્ચ ગુણવતાયુક્ત શિક્ષણ મળશે : પ્રવેશ પરિક્ષા ફોર્મ ૫ એપ્રિલ સુધી ઓનલાઈન ભરાશે

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લામાં જ્ઞાન સેતુ ડે સ્કુલ શરૂ કરવામાં આવનાર છે. જેમાં તાલુકા દીઠ એક-એક જ્ઞાનસેતુ ડે સ્કુલ શરૂ થશે. તેમાં પ્રવેશ પરિક્ષા માટે ફોર્મ ભરવાની તા. ૫ એપ્રિલ ૨૦૨૩ સુધી રહેશે. જૂનાગઢ જિલ્લામાં દરેક તાલુકા દીઠ એક-એક જ્ઞાનસેતુ ડે સ્કુલ શરૂ કરવામાં આવનાર છે. જેમાં પ્રવેશ પરિક્ષા માટે ફોર્મ ભરવાનું તા. ૨૩/૩/૨૦૨૩ થી તા.૫/૪/૨૦૨૩ સુધી ભરી શકાશે. જેમાં **http:// www.sebexam.org** વેબ સાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ ભરાશે. આ જ્ઞાન સેતુ ડે સ્કુલમાં વિનામૂલ્યે ઉત્કૃષ્ઠ અભ્યાસક્રમમાં ધો.૬ થી ૧૨ સુધીનું ઉચ્ચ ગુણવતાયુકત શિક્ષણ મેળવી શકશે. જેમાં પ્રવેશ માટે **common entrance exam** તા.૨૭/૪/૨૦૨૩ના રોજ યોજાશે. જ્ઞાન સેતુ ડે સ્કુલમાં ધો.૫ના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા **common entrance exam** માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. પ્રવેશ પરિક્ષા માટે જે વિદ્યાર્થીઓ સરકારી તથા ગ્રાન્ડેટ શાળામાં ધો.૧ થી ૫ નો અભ્યાસ કરેલ હશે તે જ પ્રવેશપરિક્ષા માટેનું ફોર્મભરી શકશે.

# કચરો ન કરવા બાબતે વન વિભાગ દ્વારા ગિરનારની સીડી ઉપર બેનરો, ડસ્ટબીન મુકાયા






જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ વન વિભાગનો ગિરનારને પવિત્ર રાખવા માટેનો નવતર પ્રયોગ અંતર્ગત સીડી ઉપર ઠેર ઠેર બેનરો અને ડસ્ટબીનો મૂકવામાં આવ્યા છે.

જૂનાગઢ ગીરીવર ગિરનાર પર્વત ઉપર યાત્રિકોને સૂચન કરતા બેનરો જયાં ત્યાં કચરો ના ફેંકો ડસ્ટબીનનો ઉપયોગ કરો તેવા મોટા બેનરો અને ૨૦૦ જેટલા ડસ્ટબીનો ઠેર ઠેર મૂકવામાં આવ્યા હતા જેમાં અંબાજી મંદિર પરિસર અને ગુરૂદત્તાત્રેય શિખર સુધી બેનરો લગાવવામાં આવ્યા છે અને યાત્રિકોને અવરનેસ માટે ગિરનારની પવિત્રતા જળવાઈ એ માટે વન વિભાગ અને રોપવેના સહયોગથી સરસ મજાની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં ગિરનારની યાત્રાએ આવતા તમામ યાત્રિકોમાં સ્વચ્છતા માટેનો એક સુંદર મેસેજ જાય એ માટેનો વન વિભાગના આ અભિગમ ની ભારે પ્રશંસા થઈ રહી છે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

# જૂનાગઢ : રાજ્યકક્ષા સિનિયર સીટીઝન મહિલાઓની રસ્સાખેંચ રમત સ્પર્ધા યોજાઈ

## ૨૮ જીલ્લામાંથી ૨૫૨ સિનિયર સીટીઝન મહિલા ખેલાડીઓએ ભાગ લીધો







જૂનાગઢ, તા.૨૯

ગુજરાત સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ, જી-૨૦ અને વિશ્વ મહિલા દિવસ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ દ્વારા તા.૨૫/૩/૨૦૨૩ થી ૨૭/૩/૨૦૨૩ દરમ્યાન રાજ્યકક્ષા સીનીયર સીટીઝન મહિલાઓની રસાખેંચ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૮ જિલ્લામાંથી ગ્રામ્યના શહેરની ૨૫૨ સિનિયર સિટીઝન મહિલા ખેલાડીઓ ભાગ લઈ શકતિ પ્રદર્શન કર્યું હતું. તમામ જિલ્લાની ટીમના ખેલાડીઓને ફ્રુટ, નાસ્તો અને ભોજન આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર ગીતાબેન પરમાર, પૂર્વ મેયર આદ્યાશક્તિબેન મજમુદાર તેમજ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જૂનાગઢ શહેર, દ્વિતીય ક્રમે અમદાવાદ ગ્રામ્ય અને તૃતીય ક્રમે સાબરકાંઠા ટીમ વિજેતા બની હતી. વિજેતા ટીમને મેડલ, ટ્રોફિ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, ટગ ઓફ વોર એસોસિયેશનના સેક્રેટરી રાજુભાઈ પટેલ, ટીમ મેનેજર કનકસિંહ ખેર અને નરેશ ગોહિલ તથા સમગ્ર જૂનાગઢ જિલ્લાના ઈન્સ્ટોલ ટ્રેનર અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સ્ટેટના રાજાને રૂબરૂ નિમંત્રણ આપતા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ગુજરાતમાં આગામી તા. ૧૭ એપ્રિલથી યોજવા જઈ રહેલા 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' કાર્યક્રમમાં સૌરાષ્ટ્રીયન તમિલ લોકોને આમંત્રણ આપવા માટે તમિલનાડુના ૯ શહેરોમાં વિવિધ રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. તમિલનાડુમાં ગુજરાતના મંત્રી કુંવરજીભાઈ બાવળિયા આ રોડ શો માટે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રી બાવળિયાએ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે તન્જાવર સ્ટેટના રાજા બાબાજી ભોંસલેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વતી તન્જાવર પેલેસ ખાતે રૂબરૂ મળીને નિમંત્રણ પાઠવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ રાજા બાબાજી ભોંસલેનો ખાસ આભાર માનતા જણાવ્યું હતું કે, લગભગ એક હજાર વર્ષ પહેલાં જયારે સૌરાષ્ટ્રના લોકો મદુરાઈ ખાતે આશરો શોધવા આવેલા ત્યારે મદુરાઈ સ્ટેટે આપેલા આશરા, પ્રેમ અને સહયોગના કારણે અહીં સૌરાષ્ટ્ર તમિલ સમાજ માત્ર વસ્યો નથી, પણ દૂધમાં સાકરની જેમ ભળીને ઘણી પ્રગતિ કરી છે. સાથે સાથે તમિલનાડુના વિકાસમાં પણ આ સમાજે ખૂબ જ મોટું યોગદાન આપ્યું છે. ગુજરાતી પરિવારો ની આ સફળતા રાજાના મીઠા આવકારથી સાર્થક થઈ હોવાથી ગુજરાત રાજાનું સન્માન કરવા ઈચ્છે છે. જેથી ગુજરાતના નિમંત્રણને સ્વીકારી ગુજરાતમાં યોજાનારા કાર્યક્રમમાં સહભાગી થવા માટે મંત્રી બાવળિયાએ આગ્રહપૂર્વક અનુરોધ કર્યો હતો.



# જૂનાગઢમાં આરટીઈ એડમીશન માર્ગદર્શન કેમ્પ યોજાશે

જૂનાગઢ, તા.૨૯

ઉમાફેન્ડઝ ઓર્ગેનાઈઝેશન (યુફો) જૂનાગઢ અને સમન્વય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આરટીઈ એડમીશન માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આરટીઈ હેઠળ આપના શહેરની ઉત્કૃષ્ટ શાળામાં આપનું સંતાન ધો-૧માં આ વર્ષે નિઃશુલ્ક એડમીશન લઈ શકે તે માટેના નિયમો અને ફોર્મ ભરવાની તા.૩૦/૩/૨૦૨૩ થી તા.૧૧/૪/૨૦૨૩ સુધી છે જેથી તા.૩૦/૩/૨૦૨૩ને ગુરૂવારના બપોરે ૩ થી ૫ દરમ્યાન શ્રી ગોવિંદભાઈ જે. ધુલેશીયા યુફો ભવન જનકપુરી શોપીંગ સેન્ટર બીજા માળે ઝાંઝરડા રોડ ખાતે કેમ્પ યોજાશે જેનો લાભ લેવા જણાવેલ છે.

# ખંભાળિયામાં પ્રખર હિન્દુવાદી અને તેજાબી વક્તા કાજલ હિંદુસ્થાનીની ધર્મસભા યોજાઈ

## ખંભાળિયામાં શ્રીરામના જયઘોષ સાથે વિશાળ બાઈક રેલી નીકળી





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયામાં રામનવમી પૂર્વે અહીંની હિન્દુ સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના ઉપક્રમે વિશાળ બાઈક રેલી તથા પ્રખર હિન્દવાદી વક્તા કાજલ હિંદુસ્થાનીના વક્તવ્યનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં હિંદુ પ્રેમી જનતા ઉમટી પડી હતી. દેશના હિન્દુવાદી વક્તા અને ધર્મ રક્ષક કાજલ હિંદુસ્થાનીનું ખંભાળિયા શહેરમાં આગમન થયું હતું. તે પૂર્વે અત્રે જામનગર હાઈવે ઉપર મહારાણા પ્રતાપની પ્રતિમાને ફૂલહાર કરી ત્યારબાદ અહીંના મિલન ચાર રસ્તા પાસેથી વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના ઉપક્રમે યોજવામાં આવેલા આ ધર્મકાર્યમાં યોજાયેલી બાઈક રેલી અહીંના નગર ગેઈટ, જોધપુર ગેઈટ, શારદા સિનેમા રોડ સહિતના રાજ માર્ગો ઉપર ફરી, સાંજે અહીંના મ્યુનિસિપલ ગાર્ડન ખાતે સંપન્ન થઈ હતી. જ્યાં આ રેલી ધર્મસભામાં પરિવર્તિત થઈ હતી. આ રેલી સાથે રામ, લક્ષ્મણ, જાનકી, બજરંગ બલી સહિતના રામ દરબારના પરિવેશ ધારણ કરી કલાકારો જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ધર્મમય બની રહ્યું હતું. જય શ્રી રામના ગગનભેદી નાદ સાથે મોટી સંખ્યામાં કેસરિયા ધ્વજ લહેરાવી હિન્દુ યુવાનો કાર્યકરો આગેવાનો હોંશભેર આ આયોજનમાં જોડાયા હતા.

**વિધર્મીઓની વધતી જતી પ્રવૃત્તિઓ સામે હિન્દુજન સાવચેત બને : કાજલબેન**

અહીંના મ્યુનિસિપલ ગાર્ડન ખાતેના વિશાળ ગ્રાઉન્ડમાં યોજવામાં આવેલા જાહેર વકતવ્યના કાર્યક્રમમાં કાજલબેન હિંદુસ્થાની (શિંગાળા)એ તેમના ચોટદાર વકતવ્યમાં જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં મુસ્લિમો દ્વારા વધતા જતા જમીન દબાણ તેમજ લવ જેહાદ ઉપરાંત તરૂણીઓ, યુવતીઓ અને મહિલાઓને યેન-કેન રીતે ફસાવવાના કાવતરા સામે સૌ હિંદુ પરિવારોને સાવચેત રહેવું અનિવાર્ય બની રહ્યું છે. ખાસ કરીને હિન્દુ યુવતીઓએ વર્તમાન સમયમાં નીડરતાથી સામનો કરી, વિધર્મીઓની કોઈપણ વાતથી પ્રભાવિત ન થઈ હિન્દુ ધર્મ તેમજ સંસ્કૃતિ પ્રત્યે જાગૃત અને મક્કમતાથી વળગી રહેવા તેમણે અનુરોધ કર્યો હતો. ખંભાળિયામાં વિધર્મીઓ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં કરવામાં આવેલા દબાણો અંગે પણ તેઓએ ચોટદાર વકતવ્યમાં નગરજનોને સાવચેત રહી, હિન્દુવાદી પગલાં લેવા માટે અપીલ કરી હતી. સાથે સાથે દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકા તથા હર્ષદ વિસ્તારમાં તંત્ર દ્વારા કરવામાં આવેલા ઓપરેશન ડિમોલિશનની પણ તેમણે સરાહના કરી હતી.

આ ધાર્મિક કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ કિરણબેન સરપદડીયા, વિજયભાઈ કટારીયા, મિલનભાઈ વારીયા, દેશુરભાઈ ધમા, મીત સવજાણી, અજય નરા, પ્રવિણસિંહ કંચવા, પપ્પુભાઈ જોશી, વનરાજસિંહ વાઢેર, ઈન્દ્રજીતસિંહ પરમાર, રવિરાજસિંહ જાડેજા વિગેરે જોડાયા હતા. અહીં વિવિધ હિન્દુ સંગઠનોએ કાજલબેનને સન્માનિત કર્યા હતા.

# ખંભાળિયાની શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી, મેડલ હાંસલ કર્યા

## સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા



(કુંજન રાડિયા દ્વારા)


જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયાની જાણીતી શૈક્ષણિક સંસ્થા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં વિવિધ ક્ષેત્રમાં યોજાયેલી સ્પર્ધાઓમાં ગોલ્ડ તથા સિલ્વર સહિતના મેડલો ઉપરાંત અન્ય પારિતોષિકો હાંસલ કરતા અહીંની સ્કૂલ ખાતે તેઓને સન્માનિત કરવાનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ખંભાળિયાના રામનગર વિસ્તારમાં આવેલી અને અહીંની પ્રથમ હરોળની શૈક્ષણિક સંસ્થા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા શાળા પરિસર ખાતે વિદ્યાર્થીઓને વિવિધ પ્રદર્શન તથા સિદ્ધિ બદલ મેડલ એનાયત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના તમામ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલા આ ભવ્ય કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અહીંના સિનિયર પત્રકાર કુંજનભાઈ રાડિયા તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના નવ નિયુક્ત અધ્યક્ષ મયુરભાઈ ગઢવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલમ્પિયાડ્સ એકઝામમાં અહીંના ૧૬ વિદ્યાર્થીઓએ મેડલ મેળવ્યા હતા. નેશનલ સાયન્સ ઓલમ્પિયાડ ખાતે ચાર વિદ્યાર્થીઓને મેડલ મળ્યા હતા. જેમાં એક ડિસ્ટ્રિક્શન સાથે ત્રણ વિદ્યાર્થીઓએ એકસીલેન્ટ મેડલ પ્રાપ્ત કર્યા હતા. ધોરણ ૨ ની વિદ્યાર્થીની શર્મા આધ્યા, ધોરણ ૭ ના રોય સુહવમ, ધોરણ ૮ ના માન્યા બામરોટીયા તથા ધોરણ ૯ ના આદિત્ય મકવાણાને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કરાટે આઈ.એસ.કે.યુ. ઓલ સૌરાષ્ટ્ર ઓપન કરાટે ચેમ્પિયનશિપમાં રાજકોટ ખાતેની સ્પર્ધામાં બે ગોલ્ડ, ૮ સિલ્વર તથા ૨૦ બ્રાન્ચ મેડલ મળ્યા હતા. અખિલ ગુજરાત સંગીત વિદ્યાપીઠ વેરાવળ ખાતે ધોરણ ૭ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી દર્શિલ કોટેચાને હાર્મોનિયમ વગાડવાની પ્રથમ પરીક્ષામાં ઉતરીને થવા બદલ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું હતું. આમ, સંસ્થાના વિદ્યાર્થીઓને વિવિધ મેડલ તથા પ્રશસ્તિ પત્ર વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સેન્ટ ઝેવિયર્સ શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી ,ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી તથા પત્રકાર કુંજનભાઈ રાડિયાએ આ શૈક્ષણિક સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી, વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. જે બદલ શાળાના આચાર્ય ફાધર બેની જોસેફે પ્રસંગિક ઉદબોધન કરી, સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# જીવનમાં સર્વોત્તમ મેળવવાની કળા

## પ્રાચીન ભારતની ઋષિ સંસ્કૃતિ પ્રમાણેની જીવન પધ્ધતિ શીખવતી સિધ્ધ સમાધિ યોગશિબીર રાજકોટમાં



રાજકોટમાં ઋષિ સંસ્કૃતિ વિદ્યા કેન્દ્ર, બેંગ્લોર દ્વારા આયોજીત શારિરીક, માનસિક, આર્થિક, આધ્યાત્મિક અને સવાંગિક વિકાસ અંગે "ઉમા સદન", જે.કે. ચોક, યુનિવસી ટી રોડ, રાજકોટ ખાતે તા. ૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૦૯/૦૪/૨૦૨૩ સુધી સિધ્ધસમાધિ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આપણી પ્રાચીન સંસ્ક તિમાં પંચકોષ અને તેની શુધ્ધી કરવાની પ્રક્રિયાની વાત આવે છે જેના દ્વારા શારિરીક સ્વાસ્થય, માનસિક સંતુલન અને સમજણમાં વિધેયાત્મક પરિવત ન આવે છે અને વ્યકિત વિના કારણ આનંદમાં રહે છે. જે બાબત સિધ્ધ સમાધિ યોગ એટલે એસ.એસ.વાય. શિબિર દ્વારા અનુભવાય છે.

એસ.એસ.વાય. એ અત્યંત સરળ, શકિતશાળી, અસરકારક અને પરિણામલક્ષી યોગનો પ્રકાર છે. તેના દ્વારા જીવનની પૂર્ણતાનો અનુભવ થાય છે. તેમજ સહજ, સમધ્ધ અને આનંદમય જીવન પ્રાપ્ત થાય છે. વ્યકિતનો જીવન પ્રત્યેનો દષ્ટિકોણ તદ્દ્ન બદલાઈ જાય છે. વ્યકિત રચનાત્મક અને કુદરતી જીવન જીવતી થાય છે. આ શિબિર દ્વારા શારીરિક તેમજ માનસિક ઘણાં પ્રકારના ફાયદાઓ થાય છે અને વ્યકિત સાહજીક જીવન જીવતો થાય છે. જીવન પ્રત્યેનો તેનો અભિગમ બદલાય જાય છે. વ્યકિતને કોઈપણ લેવલે ફાયદા થાય છે પછી તે વિદ્યાથી હોય કે સવી સમેન હોય કે ધંધાદારી વ્યકિત. ભલેને ગ હિણી પણ હોય તેને જીવન જીવવાની નવી જ દિશા મળે છે.

આ પ્રકારની શિબિરો ગુજરાત ઉપરાંત ભારતના બીજા રાજયોમાં પણ યોજાય છે. સિધ્ધ સમાધિ યોગના મુળ ભારતીય સંસ્કૃતિના પાયામાં રહેલ બ્રહ્મોપદેશમ્ નામના સંસ્કારમાં રહેલછે. આ સંસ્કાર વૈદિક કાળમાં ઘણોજ પ્રચલિત હતો જેના દ્વારા વ્યકિત પોતાનામાં રહેલ અમાપ શકિતઓનો અનુભવ માત્ર તાત્વીક રીતેજ નહિ પરંતુ અનુભવનાં સ્તરે પણ કરી શકતો. આ પૂવ કાલીન બ્રહ્મોપદેશમ્નો આધુનિક, પધ્ધતિસરની અને પ્રાયોગિક અભિગમ, પરમ પૂજય યોગબ્રહ્મ ગુરૂજી શ્રી ઋષિ પ્રભાકરજીની માનવ સમાજને અમુલ્ય ભેટ છે. તેઓશ્રી બેંગ્લોર યુનિવસી ટીના ગોલ્ડ મેડાલીસ્ટ મીકેનેકલ એન્જીનીયર, કેનેડાની વિશ્વ વિખ્યાત વેસ્ટન ઓન્ટેરીયો યુનિવસી ટીના કોમ્પ્યુટર નિષ્ણાંત, એરોનોટીકલ એન્જીનીયર અને મેનેજમેન્ટનાં (એમ.બી.એ.) સ્નાતક હતા. તેઓશ્રી ધ્યાન, સજાગતા અને શિક્ષણનાં દુનિયાના શ્રેષ્ઠ શિક્ષકોમાના એક છે. રોજબરોજનાંવ્યવહારિક જીવન દરમ્યાન આપણે કમો માં એટલા બધા અટવાઈ પડીએ છીએ કે આંતરીક શાંતિનો અનુભવ કરી શકતાં નથી.

પરંતુ એસ.એસ.વા હ્રૃઋની તાલીમ દ્વારા સંસારમાં કતા થકા અકતા ની સ્થિતિમાં કેમ જીવી શકાયએ નૈષ્કમ્ય ની કળ ા શીખી શકાય છે. જીવનમાં કમ ચક્રને વિરામ આપી પોતાની ખરી જાતમાં પ્રસ્થાપિત થઈ શકાય છે. સામાન્ય રીતે બુદ્ધિનું કાય વ્યકિત, વસ્તુ કે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનું છે. સારૂ–ખરાબ, લાભદાયક – હાનિકારક, ગમતુ – અ ણ ગ મ ત ુ, ઉપયોગી–બિનઉપયોગી વિગેરે બુદ્ધિની ભેદભાવની પ્રક્રિયાને એસ.એસ.વાય. દ્વારા વિરામ મળે છે અને સ્થિતપ્રજ્ઞની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

આપણી તકલીફો, આપણું ભવિષ્ય, ભાગ્ય આ બધું જ આપણા મનમાં છે. એસ.એસ.વાય. આપણને આ બધું મેળવવામાં મદદ કરી શકે છે અને આપણામાં રહેલ સુષુપ્ત શકિતઓને જગાડી અને જીવનની પરિપૂર્ણતાનો અનુભવ કરાવે છે. એસ.એસ.વાય. એ કોઈ ધામિક પંથ નથી. તે વ્યકિતને સંપ્રદાય કે પંથની મર્યાદીત રેખાઓથી દૂર સર્વધર્મની ક્ષિતિજ સુધી લઈ જાય છે અને સવ ધમ સમભાવનો સંદેશો આપે છે.

એસ.એસ.વાય. કોર્સ કરી તેમાં દર્શાવેલ બાબતોની નિયમિત પ્રેકટીસ કરવાથી આપણા જીવનમાં આનંદ અને સાચા સુખની અનુભુતિ થાય છે. બી.પી., ડાયાબીટીસ, અસ્થમા, વા, માથાનો દુખાવો, એસીડીટી, કાયમી શરદી, વાસ, અનિંદ્રા, હૃદય રોગ જેવા હઠીલા રોગો દૂર થાય છે. નાની મોટી મુશ્કેલીઓ તકમાં તબદીલ થાય છે. શરીર, મન અને બુદ્ધિ સ્વસ્થ રહી વ્યકિતત્વ વિકાસ પામે છે. આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ થાયછે. વજનમાં જરૂરી વધ–ઘટ થાય છે. શારીરીક સ્ફૂર્તિનો અનુભવ થઈ, કાર્ય કરવાનો સ્ટેમીના અસાધારણ રીતે વધે છે. ચા, કોફી, પાન, બીડી, તમાકુ, દારૂ, ડ્રગ્સ જેવા નાના મોટા વ્યસનોમાંથી મુકિત મળે છે. મન શાંત થાય છે અને એકાગ્રતા વધે છે. ચિંતા ટેન્શન વાળો સ્વભાવ સુધરે છે. ડીપ્રેશનમાંથી બહાર આવી શકે છે. માનવીય સંબંધોમાં અદ્ભુત પરિવત ન આવે છે. આસપાસની દુનિયા પ્રત્યેનો નકારાત્મક અભિગમ બદલાય જાય છે. અને ચેતનાના સ્તરે પરિવર્તન થવાથી બીજામાં રહેલા સારા ગુણો દેખાય છે. હંમેશા આનંદમય સ્થિતિમાં રહેવાય છે. જીવનના ગમે તે સ્તરે ફાયદા થાય છે.

સિધ્ધ સમાધિ યોગમાં પંચકોષની શુદ્ધિની પ્રક્રિયા કરાવવામાં આવે છે. જેમાં અન્નમય કોષ (ભૌતિક શરીર), પ્રાણમય કોષ (જીવંત શકિત પ્રાણ), મનોમય કોષ (મન), વિજ્ઞાનમય કોષ (બુધ્ધિ) અને આનંદમય કોષ (સ્વ) નો શુધ્ધીકરણ થાય છે.

સમાધિ ધ્યાન આપણા શરીરની મન અને બુધ્ધીને વ્યવસ્થિત રીતે શુધ્ધ કરી વિકસીત કરે છે. શરીર અને મન એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. મન જયારે સતત વિચારોને કારણે સંતુલિત ન હોય ત્યારે તેની અસર શરીર ઉપર થાય છે. અને કેન્સરથી માંડી હૃદય રોગો જેવા અનેક પ્રકારના રોગો થઈ શકે છે. જેને સાયકોસોમેટીક ડીસીસ કહેવામાં આવે છે. આપણને થતા રોગોમાંથી ૭૫% ઉપરના રોગો આ પ્રકારના હોય છે.

સિધ્ધ સમાધિ યોગમાં સમાધિ ધ્યાન શીખવવામાં આવે છે. જેમાં સવાર –બપોર અને સાંજ એમ ત્રણ વખત ૧૫ મિનિટ સુધી કોઈ એક અનુકુળ જગ્યાએ આંખ બંધ કરી એસ.એસ.વાય. ના શિક્ષકની સુચના મુજબ બેસવાનું હોય છે.

જેના પરિણામે માનસિક પ્રક્રિયાઓ આપોઆપ ઓછી થતી જાય છે. અને શરીર ૩ થી ૪ કલાકની ગાઢ ઉંઘ દ્વારા મળતા ઉંડા આરામનો અનુભવ કરે છે. એટલે કે વાસ્તવિક આરામ મેળવે છે.

દરેક દર્દ માટે આરામ એ પાયાનો ઉપાય છે. અને સમાધિ મેડીટેશન દ્વારા મળતો આરામ ઉંઘથી મળતા આરામ કરતા ત્રણ ગણો વધારે છે. સમાધિ મેડીટેશન સર્વેને ફાયદાકારક અને ઉપયોગી છે. તે રોગ પ્રતિકારક અને રોગ નિવારક ગુણ ધરાવે છે. તેથી જ તે સ્વાસ્થ્ય સુધારક, સ્વાસ્થ્ય વર્ધક અને પ્રાણદાયી જડીબુટી છે. અસ્થમાં, આથ રાઈટીસ, હાયપરટેન્શન, લો બ્લડપ્રેશર, પેરેલીસીસ વગેરે માટે સમાધિ યોગ અકસીર દવા સાબિત થાય છે. ઘણા દદી ઓએ આ સમાધિ યોગ કયા પછી બાય પાસ સજ રી કરાવવામાંથી મુકિત મળેલ છે.

સમાધિ મેડીટેશન મનને એકાગ્ર અને શાંત બનાવે છે. બુધ્ધીને તીક્ષ્ણ બનાવે છે. અને સમજણને ઉધ્વ ગામી બનાવે છે. સમાધિ યોગથી બુધ્ધિમતા અને સર્જનાત્મક શકિત વધે છે. માણસો શારિરીક કે માનસિક તણાવ વગર કામ કરી શકે છે.

સિધ્ધ સમાધિ યોગ એ વેદાંતોનું પ્રાયોગિક રૂપાંતર છે. એટલે કે વેદોએ આપેલ જીવન ઉપયોગી પ્રેકટીકલ અભિગમ છે. જેમાં જીવનના રોજબરોજના પ્રશ્નોથી દૂર જવાને બદલે તેને સમજી તેને તકમાં પરીવર્તિત કરવાની શકિત આપે છે. આ શિબિરમાં ૧૫ વર્ષથી ઉપરના, ગમે તે ધમ પાળતા જ્ઞાતિ જાતિ કે વર્ણના સાવ અભણ કે ગમે તેટલું ભણેલા, ડોકટર, એન્જીનીયર, ઉદ્યોગપતિ, વકિલ, વેપારી, પ્રોફેસર, શિક્ષક, કોઈપણ નોકરીયાત, વ્યવસાય કરતી વ્યકિત, ગૃહિણી, વિદ્યાર્થી કે રમતવીર જોડાઈ દરેક સ્તરે લાભાન્વિત થઈ શકે છે. આ શિબીરમાં જોડાવા માટે પ્રોગ્રામ અંગે વિગતવાર માહિતી આપતું નિઃશુલ્ક ઈન્ટ્રોડકશન "ઉમા સદન", જે. કે. ચોક, યુનિવસી ટી રોડ, રાજકોટ ખાતે તા. ૨૯/૦૩/૨૦૨૩ સવારના ૯.૦૦ કલાકે રાખેલ છે. આ શિબિરમાં ભાગ લેવા માટે ધર્મેશ તુવાર (મો. ૯૪૨૮૦૧૧૯૧૫)નો સંપક કરવા ડો. બિનેશ પતાણીની યાદીમાં જણાવાયુ છે.

ડો. બિનેશ પતાણી
૯૮૨૪૨૧૦૪૯૬

---

## તંત્રી લેખ

## સમલૈંગિક વિવાહ સમાજને અરાજકતા તરફ ધકેલી દેશે

સમલૈંગિક વિવાહોને માન્યતા આપવા મુદ્દે સમસ્ત ભારતના લોકો એક સૂરે તેના વિરોધમાં જવાના હિમાયતિ હોઈ શકે છે, કારણ કે માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ નહીં, પરંતુ સમગ્ર માનવ સભ્યતાનો વિકાસ જ સ્ત્રી-પુરૂષના મિલનના આધાર પર ટકેલો છે. સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધોને કેન્દ્રમાં રાખીને જ પરિવારની પરિકલ્પના કરવામાં આવી, જેનો વિસ્તાર સમાજથી ભિન્ન રાષ્ટ્રો સુધી થતો ગયો. સમલૈંગિક વિવાહ જ પ્રકૃતિની વ્યવસ્થાથી વિરૂધ્ધ એવું પગલું છે જે સમગ્ર સમાજને અરાજકતા તરફ ધકેલશે. પ્રગતિશીલતાનો અર્થ એ નથી કે આપણે બાવળ વાવીને એના પર કેરીઓ બેસવાનાં સપનાં જોઈએ. અંધ યૂરોપીય કે પશ્ચિમી નકલને પ્રગતિશીલતા ન જ કહી શકાય, પરંતુ તેના પક્ષમાં દલીલ કરનારા લોકો જ્યારે ધાર્મિક માન્યતાઓનો સહારો લેવા લાગે છે, તો તેઓ પોતાની વૈજ્ઞાનિક દષ્ટિ ત્યાં જ છોડી દે છે અને અંધવિશ્વાસુ થઈ જાય છે. નવસર્જન માત્ર બે વિપરીત ધ્રુવોના મળવાથી જ સંભવ છે. આખું વિજ્ઞાન આ જ સિધ્ધાંત પર ટકેલું છે.

સમલૈંગિક 'સેક્સ'ને અપરાધિક શ્રેણીની બહાર કરવાનો અર્થ એ નથી થતો કે એવા બે વ્યક્તિ કોઈ પરિવારની સંરચના પણ કરી શકે છે. પરિવારની પરિભાષા પતિ-પત્ની અને સંતાનથી થાય છે. જો આપણે પરિવાર સંસ્થાને ભૂંસીને સમાજમાં અરાજકતા સ્થાપિત કરવા માંગીએ છીએ તો પરિવારને જ સૌથી પહેલાં સમાજના સૌથી નાના એકમ રૂપે મળેલી માન્યતા રદ્દ કરવી પડશે. તેની સાથે જ ભારતના દરેક એ ઘરેલુ કાયદાથી લઈને સામાજિક-આર્થિક સંદર્ભોના કાયદાને રદ્દ કે સંશોધિત કરવા પડશે જે ભારતીય વિધાનનો હિસ્સો છે. કોઈપણ વ્યક્તિ અવિવાહિત રહેવાનો ફેંસલો કરી શકે છે અને પોતાના વારસાને કોઈપણ પરિજનને સોંપવાની ઈચ્છા જાહેર કરી શકે છે, પરંતુ પત્ની કે પતિનું સ્થાન કોઈ સમલૈંગિક વ્યક્તિને ન આપી શકે. તેથી સર્વોચ્ચ ન્યાયાલયમાં કેન્દ્ર સરકાર તરફથી જે સોગંદનામું વિવાહ વિરૂધ્ધ દાખલ કરવામાં આવ્યું છે, તેનું સમર્થન દરેક નાગરિકે કરવું જોઈએ. તેના માટે આપણે ઋષિ-મુનિઓના ઈતિહાસ સુધી જવાની પણ જરૂર નથી, બલ્કે માત્ર પોતાના ઈતિહાસ સુધી જ જવાની જરૂર છે, કારણ કે કોઈપણ વ્યક્તિનો જન્મ માતા-પિતાથી જ સંભવ છે.

માનવનું દાયિત્વ પોતાના સમાજ પ્રત્યે સર્વપ્રથમ એ હોય છે કે તે તેના ઉત્થાન અને પ્રગતિનું ઉત્પ્રેરક બને. જ્યારે માનવ પ્રજનનની ક્ષમતા જ સમાજમાંથી નીકળી જશે તો વિકાસ કોનો થશે? વિજ્ઞાને અત્યાર સુધી જે વિકાસ કર્યો છે તેના મૂળમાં માનવની જરૂરિયાત જ રહી છે, જેને કારણે વિશ્વએ પ્રગતિના સોપાન સર કર્યા છે, પરંતુ જ્યારે એ નક્કી કરી લેવાય કે સ્ત્રી કે પુરૂષના મિલન વિના પણ વિકાસ થઈ શકે છે તો આખું જગત એક ભૂતિયા જંગલમાં પરિવર્તિત થઈ જશે.

આ માનસિકતા સ્વયં એક માનવતા વિરોધી છે, કારણ કે પ્રકૃતિજન્ય રતિ સંભોગ પ્રક્રિયા વિરુદ્ધ એવું આખ્યાન ઊભું થશે જેમાં ગતિને બદલે સ્થિરતા આવી જશે, અને સ્થિરતાનો મતલબ સડો થઈ જાય છે. તેથી સમલૈંગિક વિવાહ સમાજમાં સડો પેદા કર્યા સિવાય કશું જ નહીં કરી શકે. સર્વોચ્ચ ન્યાયાલયે આ વિષમ વિષય પર વિચાર કરવા માટે પાંચ સભ્યોની બંધારણીય પીઠ બનાવવાની જાહેરાત કરી છે, જે આ વિષયના વિભિન્ન આયામો પર વિચાર કર્યા બાદ ચુકાદો આપશે, પરંતુ સરકારનું એ કહેવું છે કે આ બાબત સંસદ પર છોડી દેવી જોઈએ. આ એટલે તર્કસંગત વાત છે કે સંસદમાં ભારતના તમામ સંપ્રદાયો, વર્ગો, ક્ષેત્રો અને લિંગોના પ્રતિનિધિ જનતા દ્વારા ચૂંટાઈને આવે છે અને તેઓ એ બાબતે જનતાના વિચારો પ્રગટ કરી શકે છે. દેખીતી રીતે આ મુદ્દો રાજકીય નહીં, પણ વિશુધ્ધ રૂપે સામાજિક છે. આગામી પેઢીઓનું ભવિષ્ય સુધારવાની જવાબદારી મૂળ રૂપે સંસદની હોય છે, તેથી આદિવાસી સમાજથી લઈને મહાનગરોના સમાજની ચેતનાની હિસ્સેદારી આવા મામલે મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઈશ્વરકૃપાથી જે મળે તેમાં આનંદ પામનાર માટે અહિં જ સ્વર્ગ છે.

- સુભાષિત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૮ દૂર્ગાષ્ટમી, શ્રી ભવાની પ્રાગટ્ય તા. ૨૯ માર્ચ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૬, આર્દ્રા નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૭:૦૫

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાદ-વિવાદમાં ન ઉતરવું.
વૃષભ :વિશેષ કાર્યબોજને કારણે માનસિક અસ્વસ્થતા રહે. પ્રવાસમાં લાભ.
મિથુન વ્યવસાયના કારણે વ્યર્થ દોડા-દોડી થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક: મનની મુરાદ બર ન આવે. મહત્વના કાર્યમાં વિઘ્ન આવે.
સિંહ : પ્રિયજન સાથે મુલાકાતમાં સફળતા મળે. કઠિન કાર્યો સરળ બને.
કન્યા: દરેક પ્રકારના કાર્યમાં સફળતા મળે. સ્વજનથી મુલાકાત થાય.
તુલા: વ્યર્થ ચિંતા રહે. મહત્વના કાર્યમાં પ્રતિકૂળતા આવે.
વૃશ્ચિક આર્થિક ચિંતા રહે. માનસિક અસ્વસ્થતા રહે. કાર્યભાર વધે.
ધન : પડવા-વાગવાથી સંભાળવું. અપયશના ભોગ બનવાનો પ્રસંગ જણાય.
મકર :સંતાનથી લાભ મળે. તમારા પ્રયત્નો ફળતા જણાય.
કુંભ : ધીરજની કસોટી થાય. મનમાં અશાંતિ રહે.
મીન: મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. કાર્યબોજ વિશેષ રહે.

---

## ગાયનેક કેન્સર અને બાઉલ એન્ડોમેટ્રીઓસીસ અંગેના બે અભ્યાસ આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં પ્રસિધ્ધ થયા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

અમદાવાદના ડોકટરના ગાયનેક કેન્સર અને બાઉલ એન્ડોમેટ્રીઓસીસની સારવાર અંગે પાયાની ટેકનિકસ વિકસાવતા બે અભ્યાસ પ્રતિષ્ઠીત આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં પ્રસિધ્ધ થયા છે. ઈવા વિમેન્સ હોસ્પીટલ અને એન્ડોસ્કોપી સેન્ટરના અગ્રણી લેપ્રોસ્કોપીક અને ઓન્કોલોજી સર્જન ડૉ.દિપક લિમ્બાચીયા અને તેમની ટીમ આ ટેકનિકસ વિકસાવી છે.

ડો.દિપક લિમ્બાચીયાએ ઈન્ટરનેશનલ કેન્સર ગાઈડલાઈન્સ મુજબના સંપૂર્ણ લેપ્રોસ્કોપીક સર્જીકલ મેનેજમેન્ટ ઉપર વ્યાપક અભ્યાસ અને કામગીરી કરી છે.

ઓન્કોલોજી પેપર : ભારતની વસ્તીમાં અને ખાસ કરીનો મહિલાઓમાં સર્વાઈકલ કેન્સર વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. એન્ડોમેટ્રીયલ કેન્સર એ પશ્ચિમની દુનિયામાં મહિલાઓમાં ખુબજ સામાન્ય પણે જોવા મળતું જાતિય કેન્સર છે. એક ઉપલબ્ધ આંકડા મુજબ વર્ષ ૨૦૨૦માં ૬,૦૪,૧૨૭ મહિલાઓમાં સર્વાઈકલ કેન્સર જોવા મળ્યું હતું અને ૩,૪૧,૮૩૧ મહિલાઓ આ બિમારીને કારણે દુનિયામાં મોતનો ભોગ બની હતી.

ડો.લિમ્બાચીયા અને તેમની ટીમે નવતર પ્રકારની ટેકનિક વિકસાવી છે જેના ખુબજ બહેતર પરીણામો મળ્યા છે અને સાથે સાથે વ્યાપક નિદાન થઈ શકયું છે જેમાં સર્વાઈકલ અને એન્ડોમેટ્રીયલ કેન્સર સર્જરી પૂર્વે યોનિમાર્ગ બંધ કરવામાં આવે છે જેના કારણે પેટ અને યોનિમાર્ગમાં ગાંઠના કોષ આગળ વધતા અટકે છે. આના પરીણામે રોગ આગળ વધતો અટકે છે. ડૉ.લિમ્બાચીયાનો અભ્યાસ **Vaginal Closure before colpotomy with Endo-staplers to prevent tumor spillage in Laparoscopic surgeries for Gynecological malignancies : Rationale and Technique** જર્નલ ઓફ સોસાયટી ઓફ લેપ્રોસ્કોપીક એન્ડ રોબાટીક સર્જીન્સની પબ મેડ જર્નલમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. ડૉ.લિમ્બાચીયાનો વધુ એક અભ્યાસ **Surgicopathological Outcomes and Survival in Carcinoma Body Uterus: A Retrospective Analysis of Cases Manged by Laparoscopic Staging Surapy in Indian Women** પણ પબ મેડ ઈન્ડેકસ જર્નલ **Gynecology and Minimally Invasive Therapy** માં પ્રસિધ્ધ થયો છે. અમારી જાણ મુજબ આ અભ્યાસ એન્ડોમેટ્રીકલ કાર્સિનોમાં લેપ્રોસ્કોપીક સર્જરીના સર્જીકલ અને પેથોલોજીકલ પરીણામોનું વિશ્લેષણ કરતો ભારતમાં કરાયેલું પ્રથમ સર્વેક્ષણ છે.

એન્ડોમેટ્રીઓસીસ પેપર : એન્ડોમેટ્રીઓસીસ એ એક એવો રોગ છે કે, જેમા ગર્ભાશયની લાઈનીંગ જેવાજ કોષ ગર્ભાશયની બહાર વિકસે છે જેથી દુઃખાવો અથવા તો વંધ્યત્વ ઉદભવે છે. આ સ્થિતિ દુનિયાભરમાં ૧૦ ટકા (૧૯ કરોડ) મહિલાઓ અને કન્યાઓમાં બાળક પેદા થવાના ગાળા દરમ્યાન જોવા મળેછે. આ એક જટીલ અને પિડાદાયક રોગ છે કે જેમાં માસિકના સમય દરમ્યાન સંભોગ અને બાઉલના હલનચલન અથવા તો પેશાબ કરતી વખતે લાંબા સમય સુધી દર્દ રહેતુ હોય છે. આ ઉપરાંત પેઢુમાં દુઃખાવો, ઉલ્ટી, થાક, હતાશા અને અજંપો તથા વંધ્યત્વમાં પરિણામે છે. એન્ડોમેટ્રીઓસીસ થવા માટે વિવિધ કારણો જોવા મળે છે અને આ કારણો આ રોગ વિકસવામાં યોગદાન આપે છે. આ કારણોમાં અત્યંત સામાન્ય બાબત એ છે કે, જેમાં માસિકની વિપરીત ગતિ જોવા મળે છે. માસિક વખતે લોહીમાં એન્ડોમેટ્રીયલ કોષો ફેલોપિયન ટયુબમાં થઈને પેલ્વીક કેવીટીમાં પાછા વળે છે. આવું એવા સમયે બને છે કે, જયારે શરીરમાંથી ગર્ભાશયના આગળના હિસ્સામાંથી અને યોનિમાર્ગમાંથી લોહી વહે છે. રેટ્રોડે માસિકથી એન્ડ્રોમેટ્રીયલ જેવા કોષ પેદા થાય છે જે ગર્ભાશયની બહાર જમા થાય છે અને ત્યાં વિકસે છે. બાઉલ એન્ડોમેટ્રેસીસ વર્તમાન સમયમાં ખુબજ સામાન્ય રોગ થઈ ગયો છે અને તેનું નિદાન યોગ્ય જાણકારી અથવા ભિન્ન લક્ષણોના કારણે થઈ શકતું નથી. આ રોગને સંપૂર્ણ નાબુદ કરવો હોય તો બાઉલને દુર કરવો પડે છે અને તેના વિવિધ હિસ્સાઓને ફરીથી જોડવા મળે છે.

સામાન્ય રીતે શસ્ત્રક્રિયા દરમ્યાન બાઉલને એબ્ડોમેનમાંથી બહાર કાઢવામાં આવે છે, પરંતુ ડૉ.લિમ્બાચીયા અને તેમની ટીમ એક ઘનિષ્ટ લેપ્રોસ્કોપીક સારવાર પધ્ધતિ વિકસાવી છે કે જેમાં બાઉલના હિસ્સાને શસ્ત્રક્રિયા દરમ્યાન એબ્ડોમેનની બહાર કાઢવામાં આવતો નથી. આ કારણે દર્દી જલ્દી સાજો થઈ જાય છે. **"Bowel Endometriosis Management by Colorectal Resection : Laparoscopic Surgical Technique & Outcome"** એ અમારી જાણ મુજબ દુનિયાનો એક અનોખો અભ્યાસ છે અને તે ઈન્ટરનેશનલ અમેરીકન જર્નલમાં પ્રસિધ્ધ થયો છે.

---

## • રમઝાન મુબારક •




### ઈસ્લામ અને રૂઢીવાદ

ઈસ્લામ દુનિયાનો એક માત્ર એવો ધર્મ છે, જે માનવીની ભાવનાઓથી પહેલાં તેની બુદ્ધિ અને વિવેકને અપીલ કરે છે તથા જે જ્ઞાન અને શિક્ષણને આદમીની પ્રતિષ્ઠાનું મૂળ અને સાચું કારણ ઠેરવે છે.

"તેણે (અલ્લાહે) આદમને બધા નામ શીખવાડ્યા (અર્થાત્ બધા પ્રકારનું જ્ઞાન આપ્યું) અને પછી ફરિશ્તાઓની સામે રજૂ કર્યા..." (કુર્આન, ૨ : ૩૧)

કુર્આનમાં ઠેકઠેકાણે એવા પરમ્-કૃપાળુ પ્રભુ-પાલનહાર તરફ આમંત્રણ આપવામાં આવ્યું છે, જેણે માર્ગદર્શક ગ્રંથ આપ્યો અને મનુષ્યને લખવા-બોલવાની ક્ષમતાઓ પ્રદાન કરી.

"રહમાને (પરમ્ કૃપાળુ અલ્લાહે) કુર્આન શીખવાડ્યું, તેણે જ મનુષ્યનું સર્જન કર્યું અને બોલવાનું શીખવાડ્યું." (કુર્આન, ૫૫ : ૧-૪)

"વાંચો (પઢો), પોતાના માલિક અને પાલનહારનાં નામની સાથે, જેણે પેદા કર્યો, થીજેલાં લોહીનાં એક લોચામાંથી મનુષ્યનું સર્જન કર્યું. પઢો, સ્થિતિ એ છે કે તમારો પ્રભુ પાલનહાર ખૂબ જ ઉદાર છે, જેણે કલમ વડે શિક્ષા આપી, મનુષ્યને તે જ્ઞાન પ્રદાન કર્યું, જેને તે જાણતો નહોતો." (કુર્આન, ૯૬ : ૧-૫)

મનુષ્યને તેણે ડગલેને પગલે ચિંતન-મનનની તાકીદ કરી છે અને તેનાં વિચાર અને પ્રત્યક્ષીકરણની શક્તિને સાચાં પરિણામ સુધી પહોંચવાની પ્રેરણા આપી છે.

"તેથી, જૂઓ અલ્લાહની દયાળુતાંની નિશાનીઓ! તે કેવી રીતે ધરતીને તેનાં મૃત થઈ ગયા પછી જીવન પ્રદાન કરેછે..." (કુર્આન, ૩૦ : ૫૦)

**રોઝા : ૬ બુધવાર**

"શું આ લોકોએ આકાશો અને ધરતીનાં વ્યવસ્થાતંત્ર ઉપર ક્યારેય ચિંતન કર્યુ નથી અને કોઈપણ વસ્તુને જેને અલ્લાહે પેદા કરીછે, આંખો ઉઘાડીને જોઈ નથી?" (કુર્આન, ૭ : ૧૮૫)

ઈસ્લામનો મામલો તો એ છે કે તે મનુષ્યની આધ્યાત્મિકતાને પણ જ્ઞાનનાં સાથે જોડી દે છે. ઈશપરાયણતા અને ઈશભયની બાબતમાં તે કહે છે, "ઈશભય રાખનાર તો તેના એ જ બંદાઓ છે, જેઓ જાણકાર છે." (કુર્આન, ૩૫ : ૨૮)

પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ. ફરમાવે છે કે, "સમજ-બૂઝ અને વિવેક (હિકમત) એ બુદ્ધિશાળી વ્યક્તિની ગૂમ થઈ ગયેલ વસ્તુ છે, જ્યાં પણ તે તેને જડે તો તે તેનો વધુ હકદાર છે." (તિર્મિઝિ)

રાત-દિવસ ઈશ્વરનું સ્મરણ કરનાર ઉપાસક કરતાં પયગંબર સલ્લ.એ વિદ્વાન જ્ઞાનીને વધુ સન્માનનીય ગણ્યો છે.

"એક સમજદાર વિદ્વાન વ્યક્તિ શૈતાન ઉપર એક હજાર ઉપાસકો કરતાંભારેછે." (તિર્મિઝી)

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# પાકિસ્તાન 'ગંભીર રીતે જળ અસુરક્ષિત' વિસ્તારની શ્રેણીમાં આવે છે : UN રિપોર્ટ

(એજન્સી) તા.૨૯

યુએન યુનિવર્સિટીએ તાજેતરમાં ગ્લોબલ વોટર સિક્યુરિટી ૨૦૨૩ એસેસમેન્ટ બહાર પાડ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ત્રણ અલગ-અલગ ભૌગોલિક પ્રદેશોના ૩૩ દેશોમાં ઉચ્ચ સ્તરની જળ અસુરક્ષા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે સંયુકત રાષ્ટ્રના જળ નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવેલા વિશ્વના જળ સંસાધનોના સૌથી તાજેતરના મૂલ્યાંકનથી જાણવા મળ્યું છે કે વ્યવસ્થાપિત પીવાના પાણી અને સ્વચ્છતાની એક્સેસ એ વિશ્વના અડધાથી વધુ લોકો માટે એક સ્વપ્ન છે. વૈશ્વિક વસ્તીના ૭૦ ટકાથી વધુ અથવા ૫.૫ અબજ લોકો પાસે સલામત અને સ્વચ્છ પાણીની એક્સેસ નથી. હાલમાં ચારમાંથી ત્રણ લોકો પાણી-અસુરક્ષિત દેશોમાં રહે છે. પાણી સંબંધિત આફતો કરતાં વધુ લોકો સુરક્ષિત પીવાના પાણી, સ્વચ્છતા (WASH) સેવાઓના અભાવે મૃત્યુ પામે છે. નિષ્ણાંતોએ શોધી કાઢ્યું છે કે વિશ્વની મોટાભાગની વસ્તી હાલમાં સોલોમન ટાપુઓ, એરિટ્રિયા, સુદાન, ઈથોપિયા, વનુઆતુ, અફઘાનિસ્તાન, જીબુટી, હૈતી, પાપુઆ ન્યુગિની, સોમાલિયા, લાઈબેરિયા, સેન્ટ કિટ્સ અને નેવિસ, લિબિયા, મેડાગાસ્કર, દક્ષિણ સુદાન, માઈક્રોનેશિયા, નાઈજર, સિએરા લિયોન, યમન, ચાડ, કોમોરોસ અને શ્રીલંકા જેવા જળ-અસુરક્ષિત દેશોમાં રહે છે. ડેનમાર્ક, લક્ઝમબર્ગ, ઑસ્ટ્રિયા, નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ, ફિનલેન્ડ અને આઈસલેન્ડ જેવા અન્ય યુરોપિયન દેશોની સાથે, આયર્લેન્ડ, ફ્રાન્સ, લિથુઆનિયા, ગ્રીસ, જર્મની, યુકે, એસ્ટોનિયા, ઈટાલી, લાતવિયા, સ્પેન, સ્લોવેકિયા, સ્લોવેનિયા, ક્રોએશિયા, ચેકિયા, હંગેરી, અને પોર્ટુગલને અ અહેવાલમાં ઉચ્ચ સ્તરની જળ સુરક્ષા સાથેના દેશ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. અમેરિકામાં વોટર-સિક્યોર કેટેગરીમાં માત્ર કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ જ ક્વોલિફાય થયા હતા, જ્યારે એશિયા પેસિફિક ક્ષેત્રના જળ-સુરક્ષિત દેશોમાં ન્યુઝીલેન્ડ, સાયપ્રસ, ઓસ્ટ્રેલિયા, જાપાન, ઇઝરાયેલ, કુવૈત, અને મલેશિયા છે. અહેવાલના તારણો દર્શાવે છે કે, આફ્રિકા, એશિયા-પેસિફિક અને અમેરિકામાં વિપુલ પ્રમાણમાં તાજા પાણીના સંસાધનો ધરાવતા ઘણા દેશોમાં પૂર અથવા દુષ્કાળને કારણે સંભવિત ઊંચા આર્થિક નુકસાન છતાં WASH એટ્રિબ્યુટ નીચા આર્થિક મૂલ્યના ઉચ્ચ દર જોવા મળ્યા છે. આ નિવેદન અનુસાર, યુએનના અહેવાલમાં વિશ્વભરમાં જળ સુરક્ષાની



સ્થિતિની વધુ વાસ્તવિક સમજણ આપવા માટે ૧૦ ક્ષેત્રોમાં જળ સુરક્ષાની તપાસ કરવામાં આવી છે: જેમાં પીવાનું પાણી, સ્વચ્છતા, સારૂ સ્વાસ્થ્ય, પાણીની ગુણવત્તા, પાણીની ઉપલબ્ધતા, પાણીનું મૂલ્ય, પાણીનું સંચાલન અને માનવ સુરક્ષા, આર્થિક સલામતી અને જળ સંસાધનોની સ્થિરતા સામેલ છે. આ પ્રેસ રિલીઝ મુજબ, ચિંતાજનક રીતે વિશ્વની ૭૮ ટકા વસ્તી (૬.૧ અબજ લોકો) હાલમાં પાણીની અછત ધરાવતા દેશોમાં રહે છે. માત્ર ૧૫ ટકા લોકો પાસે સુરક્ષિત રીતે વ્યવસ્થાપિત પીવાનું પાણી છે. સ્વચ્છતા સેવાઓના કિસ્સામાં, ૮૨ ટકા લોકો હજુ પણ સુરક્ષિત રીતે સંચાલિત સ્વચ્છતા સેવાની ઍક્સેસ વિના જીવે છે. પાણી સંબંધિત આપત્તિઓથી મૃત્યુ પામેલા લોકો કરતાં વધુ લોકો વૈશ્વિક સ્તરે સુરક્ષિત WASH સેવાઓના અભાવે મૃત્યુ પામ્યા હતા. અને, ચિંતાજનક રીતે આ પરિસ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી: ૨૦૧૯ માં ૧૬૪ દેશોમાં WASH-એટ્રિબ્યુટેડ મૃત્યુદરમાં અગાઉના 2016 WHOના અંદાજોની સરખામણીમાં વધારો જોવા મળ્યો હતો.

# 'લોકશાહી અને ન્યાયતંત્ર ઉપર ગંભીર અસર' : SC ન્યાયાધીશ જસ્ટિસ બી.વી. નાગરત્નાએ ન્યાયાધીશોની નિમણૂક, બદલીઓમાં વિલંબનો મુદ્દો ઊઠાવ્યો

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ બી.વી. નાગરત્નો જેઓ ૨૦૨૭માં ભારતનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બનશે, તેમણે ન્યાયાધીશોની નિમણૂકમાં વિલંબના મુદ્દો ઉઠાવ્યો હતો. તે સામાન્ય રીતે લોકશાહી અને ખાસ કરીને ન્યાયતંત્ર માટે ગંભીર અસર કરશે, જસ્ટિસ નાગરત્નો કેન્દ્ર સરકારને યાદ અપાવ્યું. જસ્ટિસ નાગરત્ના બેંગ્લુરૂમાં દક્ષિણી રાજ્યોના કેન્દ્ર સરકારના વકીલોની પાંચમી કોન્ફરન્સમાં ઉદ્‌ઘાટન સંબોધન કરી રહ્યા હતા. ન્યાયાધીશોની નિમણૂંકમાં ભલામણો અને પુર્ન: નિમણૂંક ઉપર કેન્દ્રની બેઠક અને ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની બદલીમાં વિલંબને લઈને સુપ્રીમ કોર્ટ કોલેજિયમ અને કેન્દ્ર સરકાર વચ્ચે તીવ્ર શબ્દોના યુદ્ધ વચ્ચે આ નિવેદન આવ્યું છે. કોલેજિયમ દ્વારા અગાઉ ભલામણ કરાયેલા ઉમેદવારોની વરિષ્ઠતાને નુકસાનની નોંધ લેવામાં આવી છે અને તે ગંભીર ચિંતાનો વિષય છે, કોલેજિયમે જણાવ્યું હતું. જસ્ટિસ નાગરત્નો કહ્યું કે, દખલગીરી સામે કામ કરવા માટે નિર્ભય ન્યાયાધીશો જરૂરી છે. ન્યાયતંત્ર માટે તેની ભૂમિકા ભજવવા માટેના મુખ્ય પાસાઓ પૈકી એક ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉપર આધાર રાખે છે. અદાલતો બંધારણવાદ અને ન્યાયના સંરક્ષણ માટે એક શક્તિશાળી તંત્ર છે. સત્તાના વિભાજનનો સિદ્ધાંત રાજકીય વિભાગોથી સ્વતંત્રતા સિવાય બીજું કંઈ નથી, તેણીએ કહ્યું. સ્વતંત્ર અને નિર્ભય ન્યાયાધીશો દ્વારા ન્યાયતંત્રનું વર્તન કોઈપણ બાજુથી કોઈપણ પ્રકારની દખલગીરીને રોકવા માટે જરૂરી છે. ન્યાયતંત્રને લગતી નિર્ણાયક બાબતો જેમ કે ન્યાયાધીશોની નિમણૂંકમાં સરકારી અથવા વહીવટી નિષ્ક્રિયતા અથવા વિલંબ સામાન્ય રીતે લોકશાહી અને ખાસ કરીને ન્યાયતંત્ર ઉપર ગંભીર અસર કરે છે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે નિર્દેશ કર્યો. ન્યાયાધીશે ઉમેર્યું હતું કે, ન્યાયતંત્રને સશક્ત બનાવવા માટે ખાલી જગ્યાઓ સમયસર ભરવાની જરૂર છે. કોલેજિયમ દ્વારા ભલામણ કરવામાં આવેલ જજોની નિમણૂંકો અને સ્થાળાંતરણને શક્ય તેટલી વહેલી તકે અસરકારક રીતે પ્રક્રિયા કરવાની કાર્યપાલિક ઉપર બંધારણીય જવાબદારી છે. જેથી અદાલતોમાં એવી કોઈ જગ્યાઓ ખાલી ન હોય જે અસરકારક ન્યાયિક કામગીરીને અવરોધે. જો ન્યાયતંત્રના સશક્તિકરણ ઉપર ગંભીરતાથી વિચાર કરવો હોય તો ખાલી જગ્યાઓ ભરવી જોઈએ અને શક્ય તેટલી વહેલી તકે બદલીઓ થવી જોઈએ.

# ખેડૂતો માટે ફરી માઠા સમાચાર : ગુજરાતમાં વીજળીના કડાકા સાથે ફરી કમોસમી વરસાદની હવામાન ખાતાની આગાહી

અમદાવાદ, તા.૨૯

શિયાળા પછી અત્યારે અચાનક ચોમાસુ આવી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા એક સપ્તાહથી રાજ્યમાં ઠેર ઠેર વરસાદી ઝાપટા પડી રહ્યા છે. તેવામાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં ૨૯ માર્ચથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઠેર ઠેર વરસાદ પડી શકે છે. ઘણા જિલ્લાઓમાં તોફાની પવન સાથે માવઠું આવે તેવી આગાહી પણ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ૨૦ અને ૨૩ માર્ચ સુધી વરસાદ પડે એવી આગાહી કરવામાં આવી હતી. જોકે આ દરમ્યાન વરસાદ ખાબકતા ખેડૂતોને મોટુ નુકસાન થયું હતું. અમદાવાદ શહેરમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૪ દિવસમાં ગરમી વધી શકે છે. નોંધનીય છે કે વહેલી સવારથી જ અમદાવાદમાં પવન ફૂંકાતો આવ્યો છે. તેવામાં લોકોને ગત સપ્તાહે ગરમીમાં રાહત મળી હતી. પરંતુ હવે ગરમીમાં વધારો થઈ શકે છે. હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે અમદાવાદ શહેરમાં ગરમી વધીને ૩૭ અથવા ૩૮ ડિગ્રી આસપાસ જઈ શકે છે. તથા લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી થઈ જાય એમ લાગી રહ્યું છે. ૨૯ માર્ચ પછી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ શકે છે, જેને જોતા અમદાવાદ શહેરમાં પણ વરસાદી ઝાપટા પડી શકે છે. એટલું જ નહીં વાવાઝોડા સાથે પવનો ફુંકાઈ શકે છે. હવે જો ફરી એકવાર વરસાદી માહોલ સક્રિય થશે તો ખેડૂતોને પડ્યા ઉપર પાટુ જેવી સ્થિતિ ઉત્પન્ન થઈ જશે. અગાઉ ખાબકેલા કમોસમી વરસાદના કારણે શાકભાજીને પણ ઘણુ નુકસાન પહોંચ્યું હતું. જેથી ઓછો જથ્થો મળતા એના ભાવ આસમાને પહોંચી ગયા હતા. બીજી બાજુ જોવા જઈએ તો ઉત્તર ગુજરાતમાં ઘઉં, વરિયાળીને મોટુ નુકસાન પહોંચ્યું છે. તમાકુ સહિતના પાકો ધોવાઈ જતા ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# ખાલિસ્તાનીઓએ દિલ્હીના પ્રગતિ મેદાનમાં લગાવેલા તિરંગાને ખાલિસ્તાનના ધ્વજથી બદલી નાખવાની ધમકી આપી, ઓડિયો વાયરલ

નવી દિલ્હી તા.૨૯

દિલ્હી પોલીસે કથિત રીતે ઓડિયો મેસેજ રેકોર્ડ કરવા અને પ્રસારિત કરવા બદલ અજાણ્યા વ્યક્તિઓ વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. ઓડિયોમાં પ્રગતિ મેદાનમાંથી ભારતીય ધ્વજ હટાવવાની ધમકી આપવામાં આવી હતી, જ્યાં સપ્ટેમ્બરમાં G20 સમિટ યોજાવાની છે. આ કેસ એક વ્યક્તિની ફરિયાદ ઉપર નોંધવામાં આવ્યો છે જેને દિલ્હી એરપોર્ટ ઉપર તેના આગમન ઉપર તેના ફોન ઉપર આ પૂર્વ રેકોર્ડ કરાયેલ સંદેશ મળ્યો હતો. G-20 મીટિંગનો મોટો કાર્યક્રમ સપ્ટેમ્બરમાં પ્રગતિ મેદાનમાં યોજાવાનો છે. દિલ્હીના આ પ્રગતિ મેદાનમાં જી-૨૦ સંબંધિત ઘણી બેઠકો યોજાવાની છે. જેને લઈને પ્રગતિ મેદાનમાં પણ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ દરમ્યાન વિશ્વના ટોચના નેતાઓ આ બેઠકમાં ભાગ લેશે. જી-૨૦ મીટિંગને લઈને દિલ્હી પોલીસ પહેલેથી જ એલર્ટ છે. તેજ સમયે, હવે પ્રગતિ મેદાનમાં ખાલિસ્તાની સમર્થકો તરફથી ધમકીઓ મળ્યા બાદ, દિલ્હી પોલીસે તપાસ તેજ કરી દીધી છે. પોલીસે જણાવ્યું કે મેસેજમાં કથિત ખાલિસ્તાન સમર્થકો પ્રગતિ મેદાન ઉપર કબજો કરવા અને ભારતીય ધ્વજ હટાવવાની વાત કરી રહ્યા હતા.




બાદમાં આ વ્યક્તિએ 'વારિસ પંજાબ દે'ના ચીફ અમૃતપાલ સિંહ વિશે પણ કથિત રીતે વાત કરી હતી. તેમણે કહ્યું કે ઈન્દિરા ગાંધી એરપોર્ટ પોલીસસ્ટેશનમાં ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૫૩ (હુલ્લડો કરાવવાના ઈરાદા સાથે ઉશ્કેરણી), 153A (ધર્મ વગેરેના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવી) અને ૫૦૫ (જાહેર દુષ્કર્મ)ની નોંધણી કરવામાં આવી હતી. નિવેદન આપતા) નોંધાયેલ છે. અધિકારીએ કહ્યું કે આ મામલો દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. આ મહિનાની ૪ તારીખે હરિયાણાના અંબાલા જિલ્લામાં અમૃતસર-દિલ્હી નેશનલ હાઈવે ઉપર બનેલા પુલ ઉપર ખાલિસ્તાની ઝંડો જોવા મળ્યો હતો. આ મામલે અજાણ્યા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે અંબાલા શહેર નજીક શંભુ ટોલ પ્લાઝા પાસે બનેલા પુલ ઉપર ખાલિસ્તાનના સમર્થનમાં નારા પણ લખેલા જોવા મળ્યા હતા. આ અંગે કેસ નોંધવામાં આવ્યો છે. એટલું જ નહીં ખાલિસ્તાની સમર્થક અમૃતપાલ ઉપર કરાયેલી કાર્યવાહીથી ચોંકી ઉઠેલા સમર્થકોએ લંડનમાં ભારતીય હાઈ કમિશનની સામે ઉગ્ર દેખાવો કર્યા હતા. ૧૯ માર્ચે બદમાશોએ ભારતીય હાઈ કમિશનમાંથી ભારતનો ધ્વજ હટાવીને ખાલિસ્તાની ધ્વજ લગાવી દીધો હતો. જોકે થોડા સમય બાદ ફરી ત્રિરંગો ફરકાવવામાં આવ્યો હતો. આ પછી ૨૨ માર્ચે ખાલિસ્તાન સમર્થકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આ દરમ્યાન બદમાશોએ સુરક્ષાકર્મીઓ ઉપર બોટલો પણ ફેંકી હતી. પોલીસકર્મીઓ સાથે તેની ઝપાઝપી થઈ હતી. તે જ સમયે, સાન ફ્રાન્સિસ્કોમાં પણ ખાલિસ્તાની ઝંડા લહેરાવવામાં આવ્યા હતા.

# મોરબી હોનારતની વચગાળાના વળતરની ૫૦ ટકા રકમ રૂા.૭.૩૧ કરોડ ઓરેવા ગ્રુપે જમા કરાવી

## મોરબી દુર્ઘટનાના પ્રત્યેક મૃતકના પરિજનોને રૂા.૧૦ લાખ અને ઈજાગ્રસ્તોને રૂા.૨ લાખ ચૂકવવા પેટે ઓરેવા ગ્રુપને હાઈકોર્ટે આદેશ કર્યો હતો

અમદાવાદ, તા.૨૯

ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ ઓરેવા ગ્રુપ દ્વારા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળને રૂા.૭.૩૧ કરોડની રકમ જમા કરવામાં આવી હતી અને આ બાબતે કંપની દ્વારા એફિડેવિટ કરવામાં આવી હતી. ગત તા.૨૨ ફેબ્રુઆરીના રોજ હાઈકોર્ટે આદેશ કર્યો હતો કે, મોરબી બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનામાં મરણ પામેલા લોકોના પરિવારજનોને રૂા.૧૦ લાખ અને ઈજાગ્રસ્તોને રૂા.૨ લાખ આપવાનો હુકમ કર્યો હતો. ગત ઓક્ટોબર ૨૦૨૨માં ૧૩૫ લોકોના જીવ લેનાર મોરબી બ્રિજ તૂટી પડવાની ઘટના અંગે શરૂ થયેલી સુઓમોટો પીઆઈએલ અરજીને લગતી ચાલી રહેલી સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે વચગાળાના આદેશમાં મેસર્સ અજંતાને આવો વચગાળાની રાહત આપવાનો આદેશ કર્યો હતો. તત્કાલીન ચીફ જસ્ટિસ સોનિયા ગોકાણી અને જસ્ટિસ સંદીપ એન. ભટ્ટની ખંડપીઠે આદેશ કરતી વખતે નોંધ્યું હતું કે, આ માત્ર પીડિતોને રાહત આપવાનો એક પ્રયાસ છે કારણ કે, તેમનું એક પરિવારજનોના મરણના કારણે તેમનું જીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. મૃત્યુની ખોટ કોઈ રીતે પૂરી કરી શકતા નથી પરંતુ આ મૃતકોના પરિવારજનોને રાહત આપવાનો એક પ્રયાસ છે. દરમ્યાન સુઓમોટો જાહેર



હિતની રિટ અરજીની સુનાવણીમાં આજે મેસર્સ અજંટા પ્રા.લિ (ઓરેવા ગ્રુપ) તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે, તેમના દ્વારા હાઈકોર્ટે અગાઉ પીડિતોને વળતર ચૂકવવા બાબતે કરેલા હુકમ અનુસંધાનમાં ૫૦ ટકા રકમ એટલે કે રૂા.૭.૩૧ કરોડ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળમાં જમા કરાવી દેવાયા છે. જ્યારે વળતરની બાકીની ૫૦ ટકા રકમ તેઓ તા.૧૧ એપ્રિલ સુધીમાં જમા કરાવી દેશે. આ કેસની વધુ સુનાવણી તા.૧૮ એપ્રિલે રાખી હતી. ઓરેવા ગ્રુપ તરફથી વળતરની રકમ જમા કરાવાઈ તે ડિમાન્ડ ડ્રાફ્ટની વિગત અને કાનૂની સેવા સત્તામંડળ તરફથી વળતરની રકમ જમા થયા અંગેની અપાયેલી રિસીપ્ટ પણ કોર્ટનો રેકર્ડ ઉપર રજૂ કરાઈ હતી. ઓરેવા ગ્રુપ તરફથી વળતરની બાકીની ૫૦ ટકા રકમ તા.૧૧મી એપ્રિલ સુધીમાં જમા કરાવી દેવાશે તેવી પણ હાઈકોર્ટ સમક્ષ ખાતરી આપવામાં આવી હતી.

# રાહુલ ગાંધીએ હાર્વર્ડ અને કેમ્બ્રિજમાં અભ્યાસ કર્યો છે, તો પણ ભાજપ તેઓને પપ્પુ કહે છે : પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી તા.૨૯

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ તેમના ભાઈ અને કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ રાહુલ ગાંધીને 'મોદી અટક' બદનક્ષી કેસમાં દોષી ઠેરવ્યા બાદ બે વર્ષની જેલની સજા માટે કેન્દ્ર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તિક્ષ્ણ ઝાટકણી કાઢી હતી. ભારતીય જનતા પાર્ટી અને મોદી ઉપર ભારે પ્રહાર કરતા પ્રિયંકા ગાંધીએ રાજઘાટ પર કોંગ્રેસના નેતાઓ દ્વારા આયોજિત સત્યાગ્રહને સંબોધિત કરતા, વડાપ્રધાનને કાયર ગણાવ્યા હતા અને કહ્યું કે, બધા અહંકારી રાજાઓની જેમ, તેઓ પણ પરાજિત થશે. તેઓએ રાહુલ ગાંધી અને તેમની ટિપ્પણીનો બચાવ કરતા કહ્યું કે, તમે સંસદમાં મારા શહીદ પિતાનું અપમાન કરો છો. તમે તેના પુત્રને મીર જાફર કહો છો, તમે મારી માતાનું અપમાન કરો છો. રાહુલ ગાંધીએ હાર્વર્ડ અને કેમ્બ્રિજમાં અભ્યાસ કર્યો છે, જે વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ છે, તેમ છતાં તમે તેમને 'પપ્પુ' કહો છો. જ્યારે



ભાજપને જાણ થઈ કે તે પપ્પુ નથી અને લાખો લોકો તેમની સાથે ચાલી રહ્યા છે, ત્યારે તેઓ સંસદમાં તેમણે ઉઠાવેલા પ્રશ્નોથી પરેશાન થઈ ગયા, જેના જવાબ તેમની પાસે નથી. માત્ર એક વ્યક્તિને રોકવા માટે તેઓએ આ બધું કરવું પડ્યું છે. મોદી ઉપર નિશાન સાધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, તમારા વડાપ્રધાન અમારા સમગ્ર પરિવારનું અપમાન કરે છે અને તેઓ કહે છે કે, અમારા પરિવારે નેહરૂની અટકનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ તમારી સામે કોઈ કેસ કરવામાં આવતો નથી. કોઈ તમને સંસદમાંથી બહાર કાઢતું નથી. આ દેશના વર્તમાન વડાપ્રધાન કાયર છે. મને જેલમાં પણ મોકલો પણ સત્ય એ છે કે, આ દેશના વડાપ્રધાન કાયર છે. તે તેમની સત્તા પાછળ છૂપાઈને બેઠા છે અને ઘમંડી છે. પરંતુ આ દેશની પરંપરા છે કે લોકો અહંકારી રાજાને જવાબ આપે છે. આ દેશ એક અહંકારી રાજાને

# ગુજકેટ માટે શાળાના આચાર્યને જ સ્થળ સંચાલકની જવાબદારી સોંપાઈ

અમદાવાદ, તા.૨૯

શિક્ષણ બોર્ડ દ્વારા ૩ એપ્રિલના રોજ લેવામાં આવનારી ગુજકેટ માટે સ્કૂલના આચાર્યને જ સ્થળ સંચાલક તરીકેની કામગીરી સોંપવાનો નિર્ણય કરાયો છે. સ્કૂલના આચાર્યએ પરીક્ષા માટે બાકીના સ્ટાફની પણ નિમણૂંક કરી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતેથી બહાલી લેવાની રહેશે. ગુજકેટ લેવાય તે પહેલા સ્કૂલોમાં તમામ પ્રકારની સુવિધાઓની ચકાસણી કરી લેવા તેમજ સીસીટીવી સહિતની ચકાસણી કરવા માટે સૂચના અપાઈ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૩ એપ્રિલના રોજ ગુજકેટ લેવામાં આવનાર છે. ગુજકેટ માટે સ્થળ સંચાલક તરીકે શાળાના આચાર્યને જ ફરજ સોંપવાનું નક્કી કરાયું છે. જેથી સ્થળ સંચાલક તરીકે અન્ય કોઈ કર્મચારીને કામગીરી સોંપી શકાશે નહીં. સ્કૂલના આચાર્યના નજીકના કોઈ સગા ગુજકેટમાં ઉપસ્થિત થનાર નથી તે શરતે સ્થળ સંચાલક તરીકે નિમણૂંક સોંપવામાં આવશે. પરીક્ષા દરમ્યાન તમામ બ્લોકમાં વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપે તેવું વાતાવરણ ઊભું કરવાની જવાબદારી પણ સ્થળ સંચાલકની રહેશે. સ્કૂલના આચાર્ય કે જે સ્થળ સંચલાક તરીકે ફરજ બજાવશે તેમણે પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાની કામગીરી માટે જરૂરી સ્ટાફની નિમણૂંક કરવાની રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારી પાસે ત્રણ દિવસમાં બહાલી મેળવી લેવાની રહેશે. ઉપરાંત શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીના હાજરીપત્રકની પ્રમાણિત નકલ સામેલ રાખવાની રહેશે. બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા સ્થળ સંચાલક તરીકેની ફરજોનો અભ્યાસ કરી તેનુ પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરીક્ષા દરમ્યાન સીસીટીવી ચાલુ રહે તે માટે પરીક્ષા પહેલા ચકાસણી કરાવી લેવા અને રેકોર્ડિંગ સમયસર લેવા માટે પણ તાકીદ કરાઈ છે.

# મહિલા ધારાસભ્યોને હવેથી વધારાની એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળશે

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત વિધાનસભાના સત્રમાં પેન્શન સહિતના નિવૃત્તિ લાભો તથા કર વસૂલાત ખર્ચ, વીજળી પરિયોજનાઓ અંગે પ્રશ્નોત્તરી કાળમાં ચર્ચાઓ થઈ હતી. સાથે વિધાનસભા ગૃહમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈની વિધાનસભામાં મહત્ત્વની જાહેરાત કરી છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જાહેરાત કરી હતી કે, મહિલા ધારાસભ્યોને હવેથી વધારાની એક કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે.

લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટીલે આ અંગે માંગ કરી હતી. નાણાં વિભાગની માંગણીઓમાં મહિલા ધારાસભ્યોએ રજૂઆત કરી હતી. ત્યારે મહિલા ધારાસભ્યોની આ માંગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તેમની ગ્રાન્ટ વધારવામાં આવી છે. આ ઉપરાંત પણ મોંઘવારી ભથ્થા અંગે વિધાનસભામાં માહિતી આપવામાં આવી હતી. વિધાનસભામાં કર્મચારીઓને ૩૪ ટકાના દરે મોંઘવારી ભથ્થાનો લાભ આપવાની વાત કરવામાં આવી છે. મોંઘવારી ભથ્થું રાજ્ય સરકાર નક્કી કરે તે મુજબ આપવામાં આવશે. ૧ જાન્યુઆરી, ૨૦૨૨ મૂળ પગારના ૩૪ ટકાના દરે આપવામાં મોંઘવારી ભથ્થું આપવામાં આવશે.

### દરિયાઈ સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વના બેટ દ્વારકામાં

# લોકહિતમાં કરાયેલા ડીમોલેશન સાઈટનું નિરીક્ષણ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ દરિયાઈ સુરક્ષાની કામગીરીની બેટ દ્વારકામાં સમીક્ષા કરી

**ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરની દરિયાઈ પટ્ટી ઉપર કોઈ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં : ગેરકાયદે દબાણ ડામવા ઝુંબેશ ચાલુ જ રહેશે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ**





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ દરિયાઈ સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વના એવાં બેટ દ્વારકાની રૂબરૂ મુલાકાત લઈ તંત્ર દ્વારા થયેલી ગેરકાયદે દબાણ દૂર કરવા અંગેની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. મુખ્યમંત્રી અને ગૃહ રાજયમંત્રીએ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયા કાંઠા પર સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વના અને એવા પોઈન્ટ અને તે વિસ્તારોમાં પોલીસ-રેવન્યુ ખાતાની કાર્યવાહીની સમીક્ષા પણ કરી હતી. ઓખાથી બેટ દ્વારકા સુધીની દરિયાઈ સફર દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રિમ પ્રોજેકટ સમા નિર્માણાધીન સિગ્નેચર બ્રિજના કામનું પણ નિરીક્ષણ તેમણે કર્યું હતું. સિગ્નેચર બ્રિજની કામગીરી સત્વરે પૂર્ણ કરાશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સ્થાપેલા સુરક્ષા, શાંતિ, સલામતીના મજબૂત પાયાને વધુ સુદ્રઢ રાખવા રાજ્ય સરકાર મક્કમ છે. વિકાસ કામોને આડે આવતી ગેરકાયદે દબાણ સહિતની ગેરકાયદે પ્રવૃતિઓ આગળ વધતી અટકાવાશે અને કાયદાકીય રીતે સખ્તાઈથી દૂર કરવામાં આવશે. લોકોની સલામતી અને સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ છે અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા ઝુંબેશ ચાલુ જ રહેશે તેમ જણાવ્યું હતું. સરકારી યોજનાઓના લાભ વિના અવરોધે છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચે તે હેતુથી સરકાર દ્વારા આ પ્રકારની કામગીરી હાથ ધરાઈ રહી છે, તેમ તેમેણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં સ્પષ્ટ કહ્યું હતું કે, ગુજરાતના ૧૬૦૦ કી.મી. લાંબા દરિયાઇ પટ્ટા ઉપર કોઈપણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં. આ તમામ દરિયા કિનારાને સજ્જડ સુરક્ષિત કરવાનો નિર્ધાર છે. આ મુલાકાત વેળાએ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સમુદ્ર તટીય વિસ્તારોની આંતરિક અને બાહ્ય સલામતી અને સુરક્ષા માટે આ કડક પગલાં લેવાઈ રહ્યા છે. ગેરકાયદેસર દબાણો ઉપર લોકહિતમાં કાર્યવાહી કરવામાં આવી છે અને કડક પગલાં લેવામાં આવ્યા છે. દરિયાઈ પટ્ટી ઉપર કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં. આ પ્રસંગે ધારાસભ્ય પબુભા માણેક, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય, જિલ્લા કલેક્ટર એમ.એ.પંડ્યા, પોલીસ અધિક્ષક નીતીશકુમાર, જિલ્લા ભાજપ પ્રમુખ મયુર ગઢવી, મહામંત્રી યુવરાજસિંહ વાઢેર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### ૩૦ વર્ષીય માનસિક અસ્વસ્થ મહિલા રાત્રીના

# અમદાવાદ જતી એસટી બસમાં બેસી જતા કંડકટરે સમજાવવા માટે ૧૮૧ મહિલા હેલ્પ લાઇનની મદદ લીધી

જૂનાગઢ,તા.૨૯

જૂનાગઢ શહેરમાં કાર્યરત ૧૮૧ મહીલા હેલ્પ લાઈનને જે એસટી બસના કર્મચારીએ કોલ કર્યો હતો તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદ જતી એસટી બસમાં એક માનસિક અસ્વસ્થ મહિલા બેસી ગયેલા હોય જે સમજાવવા છતાં બસમાંથી ઉતરતા ન હતા. જેથી કંડકટરે તુરંત ૧૮૧ મહીલા હેલ્પ લાઈન ટીમના ફરજ ઉપરના કાઉન્સેલર અરૂણાબેન કોલડીયા તથા મહિલા પોલીસ કિરણબેન ગોંડલિયા તથા પાઈલોટ રાહુલભાઈ સહિતની ટીમ સ્થળ ઉપર પહોંચી મહિલાને મળ્યા હતા.

અમદાવાદ જતી બસમાં બેસી ગયેલા હોય અને રાજકોટ જવાની જીદ કરતા હોય પરંતુ તેમનું માનસિક સ્વાસ્થય સારૂ જણાતું ન હોય જેથી કાઉન્સેલિંગ કરી સમજાવવાનો પ્રયત્ન કરાયો હતો અને તેમને બસમાંથી નીચે ઉતારેલ હતા અને તેમના પરિવારની વિગત મેળવી જેમાં મહીલા જૂનાગઢ શહેરમાં રહેતા હોવાનું જણાય આવતા મહીલાને તેમના ઘરે લઈ જવામાં આવ્યા હતા. તેમના માતા-પિતાને મળી અને વધારે વિગત મળેલ કે મહીલાની ૨ વર્ષથી માનસિક સ્થિતિ ખરાબ હોય અને અવાર-નવાર ઘરેથી નીકળી જતા હોય જેથી તેમના માતા-પિતાને મહિલાની સારવાર કરાવવા વિશે અને મેન્ટલ હેલ્થ કાઉન્સેલીંગ વિશે માહિતી આપેલ જેથી પરિવારે ૧૮૧ મહીલા હેલ્પ લાઈન ટીમનો આભાર વ્યક્ત કરેલ હતો.

## વાઘેશ્વરી માતાજીનાં મંદિરે બેઠા ગરબાનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૯ : પરશુરામ ફાઉન્ડેશન મહિલા પાંખ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિતે બેઠા ગરબાનું આયોજન વાઘેશ્વરી મંદિરે સોમવાર તા. ૨૭/૩/૨૦૨૩ના સાંજે આરતી બાદ ૭:૩૦ કલાકે કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં પરશુરામ ફાઉન્ડેશનના બહેનો અને અન્ય દર્શનાર્થી સૌ સાથે મળી આરતી કરી અને માના પ્રાચીન ગરબા ગાયા હતા અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. પ્રમુખ પૂર્ણિમાબેન, શોભનાબેન, નીલમબેન, માલતીબેન, ભાવનાબેન, કુસુમબેન, આરતીબેન જોશી, જ્યોતિબેન, ગાયત્રીબેન, દિવ્યાબેન વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# કોડીનારમાં કોંગ્રેસ દ્વારા 'લોકશાહી બચાવો' ધરણાં પ્રદર્શન યોજાયું

### કોંગ્રેસનાં રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીની લોકસભા સદસ્યતા રદ કરવામાં આવી તે બાબતે કોડીનાર કોંગ્રેસનાં તમામ આગેવાનોએ હાજર રહી વિરોધ નોંધાવ્યો



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૯

સમગ્ર દેશમાં હાલ કોંગ્રેસ પક્ષ એ લાલઘુમ થઈને પ્રદર્શન કરી રહી છે કારણ કે કોંગ્રેસનાં રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીને સુરતની નામદાર કોર્ટે બે વર્ષની સજા ફટકારી છે જે અનુસંધાને લોકસભામાં તેમની સદસ્યતા રદ કરવામાં આવી છે. આ અંગે ખૂબ મોટા પ્રમાણમાં સમગ્ર દેશમાં વિરોધ અને ધરણા થઈ રહ્યા છે. કોંગ્રેસ એ આહવાન કરેલ છે કે, રાહુલ ગાંધીનો અવાજ બંધ કરવા માટે આ નિર્ણય લેવામાં આવેલ છે જે લોકશાહી માટે ખૂબ ખતરા સમાન છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે, રાહુલ ગાંધી લોકસભામાં અદાણી બાબતે ચર્ચા કરવા માગે છે પણ ભાજપ સરકાર આ મુદ્દે ભાગે છે અને આ વાત સાબિત કરે છે કે ભાજપ એ અદાણીની ભાગીદાર છે જો લોકશાહીમાં આવી હિટલરશાહી કરવામાં આવશે તો ભારતના એ લાખો સ્વાતંત્ર્ય સેનાની કે જેમના ખૂનથી આઝાદી પ્રાપ્ત થઈ છે અને તેમના બલીદાનોથી આ લોકશાહી આપણે મેળવેલ છે તેનું આવા અમાનવીય નિર્ણયથી લોકશાહીની હત્યા થશે અને લોકોને ખૂબ મોટો અન્યાય થશે. આ તકે કોડીનાર કોંગ્રેસ સમિતિ દ્વારા લોકશાહી બચાવો માટે ધરણાં પ્રદર્શનનો કાર્યક્રમ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે કરેલ હતું. આ કાર્યક્રમમાં મહેશભાઈ મકવાણા તાલુકા કોંગ્રેસ સમિતી, કૌશિકભાઈ ઉપાધ્યાય શહેર કોંગ્રેસ સમિતી, રમેશભાઈ ચુડાસમા કોળી સેના પ્રમુખ, મહેશભાઈ કામળિયા, મનુભાઈ ડોડિયા, બાલુભાઈ જાદવ, રામસિંહભાઈ ડોડિયા, જોધુભાઈ ગોહિલ, કોડીનાર તાલુકા પંચાયત સદસ્ય ધીરૂભાઈ, કાળાભાઈ ચાવડા, અશ્વિનભાઈ ચુડાસમા, માંડણભાઈ, દેવસિભાઈ સોલંકી, ભરતભાઈ વાઘેલા, વિજાણંદભાઈ રાઠોડ, ગોરધનભાઈ રાઠોડ, ઈકબાલભાઈ જુમ્મા, રાજુભાઈ બાંભણીયા, ભીખાભાઈ કામળિયા, રવિભાઈ કામળિયા, વાલાભાઈ રાઠોડ, ભરતભાઈ વાઢેર, હેમંતભાઈ વાઢેળ, પક્ષના ચૂંટાયેલા પદાધિકારીઓ, સેલના હોદેદારો અને પક્ષના સર્વે આગેવાનો અને કાર્યકરોએ હાજરી આપી હતી પરંતુ ભારતના સંવિધાન અને મર્યાદાઓ ધ્યાને રાખી શાંતિ પુર્વક ધરણા ઉપર બેઠેલા કોંગ્રેસના કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરી અને લોકોનો અવાજ દબાવવાની કોસિસ કરી તમામ કાર્યકરોની અટકાયત કરી હતી તેમજ જુદી જુદી પાંખના હોદેદારો અને આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભાજપ વિરૂદ્ધ સૂત્રોચાર કર્યા હતા.

## કલ્યાણપુર તાલુકા શિક્ષક મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

કલ્યાણપુર તાલુકાના શિક્ષક મંડળની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. આ બેઠકના એજન્ડા મુજબ શિક્ષકોને લોનમાં વધારો, લોન ઉપરના વ્યાજદરમાં ઘટાડો, મંડળીના વાર્ષિક નફાની વહેંચણી, સભાસદોને ભેટ આપવી, મંડળીના વાર્ષિક હિસાબો રજુ કરવા, મંડળીના પેટા કાયદામાં સુધારા, સભાસદોની ફરજીયાત માસિક બચત કરવી વિગેરે જેવા એજન્ડા ઉપર કામગીરી કરવામાં આવી હતી. આ બેઠકમાં આશરે ૩૦૦ જેટલા શિક્ષકો હાજર રહ્યા હતા. જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, તાલુકા મંડળીના પ્રમુખ કરશનભાઈ રાવલિયા, મંડળીના મંત્રી રાણાભાઈ કંડોરીયા, સંઘના મહામંત્રી રવજીભાઈ ડાભી, જિલ્લા સંઘના ઉપપ્રમુખ કનુભાઈ ગોજીયા, ખીમભાઈ બૈડીયાવદરા, પીઠાભાઈ કરમુર, જીવાભાઈ હાથલીયા, હરદાસભાઈ ગોરીયા વિગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનુ સંચાલન ધરણાંતભાઈ કરમુરે કર્યુ હતું.

# મલાલા ઓડિટોરિયમ ખાતે ઉડાન કાર્યક્રમનું ભવ્ય આયોજન થયું

### દીવ મહિલા સુરક્ષા સહાયતા સંગઠન દ્વારા સંઘર્ષમય જીવન જીવનારી ૧૦ નારીઓનું બહુમાન કરાયું

### જે સ્ત્રીઓએ ક્યારેય મંચ નથી જોયો કે ક્યારેય સમાજે તેને સ્વીકાર્યો નથી તેઓને અનેરૂ માન અપાતા ગદગદ થઈ

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૯

કેન્દ્રશાસિત પ્રદેશ દિવમા મહિલા સુરક્ષા સહાયતા સંગઠન(MSSS) દ્વારા મલાલા ઓડિટોરિયમ દીવ ખાતે ઉડાન કાર્યક્રમનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ સંબોધિત કરવા પ્રેમ પ્રકૃતિ પરિવાર અને પરી સૌપ્રથમ સમજાવનાર યુવા હૈયા અને મહિલાઓના લોકપ્રિય મોટીવેશનલ સ્પીકર જેના મુખે સાક્ષાત સરસ્વતી માતા બિરાજે છે એવા નેહલબેન ગઢવીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ નાની બાળાઓ દ્વારા સર્વે ઉપસ્થિત મહેમાનોનું નૃત્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ તેમજ ભગવદ ગીતા આપીને સ્વાગત કરાયું. ત્યારબાદ એમએસએસએસ ટીમ દ્વારા આ મંચ ઉપર એવી ૧૦ મહિલાઓનું સ્વાગત કરવામાં આવ્યું જેને સંપૂર્ણ જીવનભર સંઘર્ષ કર્યો છે. પણ સમાજ દ્વારા તેની ક્યારેય કદર થઈ નથી. એવી મહિલાઓ કે જેને ક્યારેય આવો મંચ જોયો નથી એવી મહિલાઓનું પુષ્પગુચ્છ આપી ટ્રોફી અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યુ. સાથે ચારણ કન્યા ગીત રજૂ કરનાર બંને દીકરીઓ તેમજ નૃત્ય રજુ કરનાર દીકરીઓને પણ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી. નેહલબેન ગઢવીએ પોતાના સંબોધનમાં ખાસકરી વિધવા સ્ત્રીઓને ખુશનુમાં જીવન જીવવાની પ્રેરણા આપી. અને સ્ત્રીના અસ્તિત્વ પ્રકાશ પાડી નારી સશક્તિકરણ અને મહિલા ઉત્થાન માટે માર્ગદર્શન પૂરું પાડ્યું. મહિલાઓએ પહેલા પોતાની જાતનું સન્માન કરવું તો જ સમાજ તેની કદર કરશે એ વાત ઉપર પ્રકાશ પાડ્યો હતો. આવી અનેક પ્રેરણાત્મક વાતો નેહલબેન દ્વારા કહેવામાં આવી જે ત્યાં બેઠેલા તમામ વ્યક્તિઓના હૃદયને સ્પર્શી ગઈ હતી.

આ કાર્યક્રમમાં દિવ જિલ્લા પંચાયત પ્રમુખ અમૃતાબેન બામણીયા, દીવ મ્યુનિસિપાલિટી પ્રમુખ હેમલતાબહેન, ઉપપ્રમુખ હરેશભાઈ કાપડિયા, કાઉન્સિલરો, પ્રદેશ ભાજપ આ મહિલા મોરચાના ઉપપ્રમુખ અશ્વિનીબહેન, મીનાક્ષીબહેન, દીવ જિલ્લા ભાજપ પ્રમુખ બીપીનભાઈ શાહ, એડવોકેટ મહેતા, બ્રહ્માકુમારી ગીતાદીદી, સી.ડી.પી.ઓ ગાયત્રીબેન વગેરે મહાનુભાવો તેમજ દિવ જિલ્લા તેમજ આજુબાજુના વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમનું મહિલા સુરક્ષા સહાયતા સંગઠનના પ્રમુખ ભાવનાબેન ધવલ શાહ, ઉમેશભાઈ ચૌહાણ, સેજલબેન પારેખ, વિનયબેન એલ શાહ, સોનલબેન કનાડા, હેમાલીબેન શાહ, સારિકાબહેન, કલ્પેશભાઈ વિસનગરા, ધીરજભાઈ બારૈયા સહિત ટીમ દ્વારા આ સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન મંચ સંચાલન સેજલબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ સહકાર આપનાર દરેક વ્યક્તિનો ભાવનાબેન શાહે એમની ટીમ વતી સર્વેનો આભાર માન્યો હતો.

### જીલ્લામાં ખેડૂતો તથા ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નો સંદર્ભે

# ખંભાળિયા આમ આદમી પાર્ટી દ્વારા તંત્રને લેખિત રજૂઆત : તાકીદે યોગ્ય પગલા લેવા માંગ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં વરસાદ તેમજ ખાનગી કંપનીઓના કારણે ઉપસ્થિત થતા પ્રશ્નો સંદર્ભે આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટર તંત્રને સવિસ્તૃત લેખિત રજૂઆતો કરવામાં આવી છે. ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં ગત સપ્તાહ દરમ્યાન અવારનવાર કમોસમી વરસાદ વરસતા અનેક ખેડૂતોને વ્યાપક નુકસાની થવા પામી છે. ખેતપેદાશ તેમજ પશુધનના ઘાસચારામાં આ માવઠાથી થયેલી નુકસાની સંદર્ભે આમ આદમી પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરોએ અહીંના જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી, ખેડૂતોને થયેલી નુકસાનીનો તાકીદે સર્વે કરાવી મળવાપાત્ર વળતર સરકાર દ્વારા ચૂકવવામાં આવે તેવી રજૂઆત કરી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી જુદી જુદી ખાનગી કંપનીઓ દ્વારા તેની કામગીરી દરમ્યાન ખેડૂતોના ખેતરો, બોર-કુવા અને ગ્રામ પંચાયતના ગૌચર, જળ સ્ત્રોતો વિગેરેમાં વ્યાપક નુકસાની કરી, નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાથી આ બાબતે સરકારી તંત્ર દ્વારા તાકીદે ઉપર કડક પગલાં લેવામાં આવે તેવી લેખિત રજૂઆત આમ આદમી પાર્ટી દ્વારા જિલ્લા કલેકટરને કરવામાં આવી છે.

# અમદાવાદ ખાતે પ્રખ્યાત રામકથાકાર મોરારીબાપુ દ્વારા ભવન્સના સ્થાપક ડો.કનૈયાલાલ મુનશીની પ્રતિમાનું આવતીકાલે અનાવરણ વીધી

અમદાવાદ, તા.૨૯

પ્રખ્યાત રામકથાકાર સંત મોરારીબાપુ દ્વારા આવતીકાલ રામનવમી, ગુરૂવાર તા. ૩૦ માર્ચના રોજ, સાંજે ૬થી ૮ દરમ્યાન ભારતીય વિદ્યા ભવન, ખાનપુર, અમદાવાદ ખાતે ભવન્સના સ્થાપક અને પ્રખ્યાત ગુજરાતી લેખક ડો.કનૈયાલાલ માણેકલાલ મુનશીની પ્રતિમાનું અનાવરણ થશે. આ સાથે નવનિર્મિત કાન્તિ ભટ્ટ સ્મારક ખંડ અને વાંચનાલય ખાતે સ્વ.કાન્તિભાઈ લિખિત, અંદાજે ૧૬,૦૦૦ જેટલા તેમના લેખોના ડિજિટાઈઝ્ડ સંગ્રહ અને આર્કાઈવ્ઝનું પણ બાપુ દ્વારા ઉદઘાટન કરાશે. ગુજરાતી ભાષાના કોઈ પત્રકાર કે લેખક માટે પ્રથમવાર આવું સ્મારક નિર્માણ થયું છે. સ્વ. કાન્તિ ભટ્ટની સ્મૃતિ કાયમ કરવા માટે તેમના વ્યક્તિગત સંગ્રહનાં ૧,૬૦૦ જેટલાં પુસ્તકો અને અંદાજે ૧૬,૦૦૦થી પણ વધારે લેખો અહીં પ્રાપ્ય છે. તમામ લેખોને મૂળ સ્વરૂપમાં આર્કાઈવ્ઝરૂપે જાળવી રાખવામાં આવ્યા છે. સાથે સાથે આ સંગ્રહને પૂર્ણપણે ડિજિટાઈઝ્ડ પણ કરવામાં આવ્યો છે. પત્રકારત્વ અને સાહિત્યના વિદ્યાર્થીઓ તથા અન્ય સંશોધકોને ખૂબ ઉપયોગી નીવડે એવા આ સંગ્રહ અને વાંચનાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ, સંશોધકો કે પછી કાન્તિભાઈના કોઈ પણ વાચક, નિઃશુલ્ક રીતે કરી શકશે.

ગુજરાતી પત્રકારત્વમાં અનેરૂ યોગદાન આપનાર પત્રકાર, તંત્રી તેમજ લેખક કાન્તિ ભટ્ટે તેમના જીવનકાળ દરમ્યાન અખબારો તેમજ મેગેઝિન્સમાં ૧૬,૦૦૦ જેટલા લેખ લખ્યા છે, જેનાં છપાયેલાં કટિંગ્સ્ તેમણે મુંબઈમાં તેમના કાંદિવલીના નિવાસસ્થાને ખૂબ કાળજીપૂર્વક જાળવી રાખ્યાં હતાં. તેમણે રાજકારણ, અર્થતંત્ર, વેપાર, આંતરરાષ્ટ્રીય સંબંધો, ક્રાઈમ, વિવિધ સમુદાયો, સ્પોર્ટ્સ, આરોગ્ય, આયુર્વેદ, નેચરોપથી, ફિલોસોફી, મહિલાઓ, શિક્ષણ તેમજ વૈવિધ્યસભર વિષયો પોતાના લેખમાં આવરી લીધા છે.

ઓગસ્ટ ૨૦૧૯માં તેમના અવસાન પછી આ તમામ લેખોનાં પ્રકાશિત કટિંગ્સ તેમનાં પત્ની શીલાબહેન ભટ્ટની સહાયથી ખાસ રીતે ભવન્સમાં નવનિર્મિત કાન્તિ ભટ્ટ સ્મારક ખંડ તેમજ વાંચનાલય ખાતે કાગળ સ્વરૂપે સાચવવામાં આવી રહ્યાં છે, પરંતુ સમગ્ર વિશ્વમાં તે વાંચકો માટે ઉપલબ્ધ રહે તે માટે તમામ લેખોનું ડિજિટાઈઝેશન થઈ ગયું છે અને એ લેખો વેબસાઈટ ઉપર મૂકવામાં આવી રહ્યા છે. સંત મોરારીબાપુ દ્વારા આ ડિજિટલ સંગ્રહનું પણ ઉદ્ઘાટન થશે.

